dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-161 | AD-2026, Fagan Vad-15 | Thursday, Dt. 19-03-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## ભારત સરકારે દેશની ઉર્જા સુરક્ષાને સુનિશ્ચિત કરવા માટે કમર કસી

# તણાવ વચ્ચે દેશમાં ઈંધણનો પૂરતો જથ્થો, LPG ઉત્પાદનમાં ૪૦% નો વધારો

નવી દિલ્હી, તા.૧૮

પશ્ચિમ એશિયામાં સર્જાયેલી ભૌગોલિક અને રાજકીય અસ્થિરતાના પગલે ભારત સરકારે દેશની ઉર્જા સુરક્ષાને સુનિશ્ચિત કરવા માટે કમર કસી છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ એક મહત્વપૂર્ણ પત્રકાર પરિષદમાં દેશવાસીઓને આશ્વાસન આપ્યું છે કે ભારતમાં ક્રૂડ ઓઈલનો પૂરતો ભંડાર ઉપલબ્ધ છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ઉથલપાથલ હોવા છતાં, સ્થાનિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે રિફાઈનરીઓ દ્વારા એલપીજી ઉત્પાદનમાં ૪૦% જેટલો તોતિંગ વધારો કરવામાં આવ્યો છે. મંત્રાલયે સ્પષ્ટપણે જણાવ્યું છે કે દેશમાં ગેસની કોઈ અછત નથી, તેથી નાગરિકોએ અફવાઓથી દૂર રહેવું જોઈએ. પીએનજી અને સીએનજી ગ્રાહકોને પણ ૧૦૦% પુરવઠો મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. બીજી તરફ, શિપિંગ મંત્રાલયના વિશેષ સચિવ રાજેશ કુમાર સિંહાએ હોર્મુઝ સ્ટ્રેટની સ્થિતિ અંગે માહિતી આપતા જણાવ્યું કે, વર્તમાન તણાવને કારણે ત્યાં ૨૨ જહાજો અને ૬૦૦ થી વધુ ભારતીય ખલાસીઓ ફસાયેલા છે. જોકે, સરકાર સતત તેમના સંપર્કમાં છે અને હાલમાં તમામ ખલાસીઓ સુરક્ષિત હોવાની પુષ્ટિ કરવામાં આવી છે. સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા અત્યારે ઘરેલુ એલપીજી ગ્રાહકોને અવિરત પુરવઠો પૂરો પાડવાની છે. આ ઉદ્દેશ્ય સાથે વાણિજ્યિક ગેસ સિલિન્ડરોના વેચાણમાં જે કાપ મૂકવામાં આવ્યો હતો, તેને હવે આંશિક રીતે પુનઃસ્થાપિત કરવામાં આવ્યો છે. ઉર્જા વ્યવસ્થાપનને વધુ કાર્યક્ષમ બનાવવા માટે કેન્દ્ર સરકારે એક વ્યૂહાત્મક ફેરફાર સૂચવ્યો છે. મોટા શહેરોમાં




વાણિજ્યિક ગ્રાહકોને એલપીજીના બદલે પાઈપ્ડ નેચરલ ગેસ તરફ વળવા વિનંતી કરવામાં આવી છે. આ માટે ગેસ વિતરણ કંપનીઓએ વિવિધ પ્રોત્સાહનોની પણ જાહેરાત કરી છે. પીએનજી માળખાગત સુવિધાઓના ઝડપી વિકાસ માટે કેન્દ્ર સરકારે ૧૬ માર્ચ, ૨૦૨૬ ના રોજ રાજ્યોને કડક આદેશ આપ્યા છે કે પાઈપલાઈન નાખવા માટેની મંજૂરીઓ માત્ર ૨૪ કલાકમાં જ આપી દેવી જોઈએ. આ પ્રક્રિયામાં આવતા અવરોધો દૂર કરવા માટે રોડ પુનઃસ્થાપન ફી અને અન્ય પરવાનગી શુલ્ક માફ કરવાના નિર્દેશો પણ અપાયા છે. સરકારે આ સંક્રમણને પ્રોત્સાહન આપવા માટે રાજ્યોને વધારાની ૧૦% વાણિજ્યિક એલપીજી ફાળવણીની લાલચ પણ આપી છે, જે તબક્કાવાર રીતે વહીવટી સુધારાઓના આધારે આપવામાં આવશે. વધતી માંગને પહોંચી વળવા માટે કોલસો અને કેરોસીન જેવા વૈકલ્પિક ઈંધણોનો ઉપયોગ વધારવા ગુજરાત, બિહાર અને ઉત્તર પ્રદેશ સહિતના રાજ્યોએ આદેશો જારી કર્યા છે. ગેસની કાળાબજાર રોકવા માટે સરકાર હવે ટેકનોલોજીનો સહારો લઈ રહી છે. ડિલિવરી ઓથેન્ટિકેશન કોડ (DAC)ના ઉપયોગને ફરજિયાત બનાવવામાં આવ્યો છે, જેનો વ્યાપ વધીને ૮૧% થયો છે. બજારમાં શિસ્ત જાળવવા માટે ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ દેશભરમાં ૨,૩૦૦ થી વધુ સ્થળોએ ઓચિંતી તપાસ અને દરોડા પાડ્યા છે. તેલંગાણા, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં સઘન ચેકિંગ હાથ ધરાયું છે. પરિસ્થિતિ પર નજર રાખવા માટે ૩૦ રાજ્યોમાં રાજ્ય કક્ષાના અને ૨૨ રાજ્યોમાં જિલ્લા કક્ષાના કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યા છે. ગ્રાહકોની સુવિધા માટે ૧૮૦૦ ૨૩૩૩ ૫૫૫ હેલ્પલાઈન અને ગેસ લીકેજ માટે ૧૯૦૬ નંબર સક્રિય છે. ડિજિટલ ઈન્ડિયાના અભિગમ હેઠળ ૯૩% બુકિંગ ઓનલાઈન થઈ રહ્યું છે, જે પારદર્શિતા વધારવામાં મદદરૂપ સાબિત થઈ રહ્યું છે. સરકારે જનતાને વિનંતી કરી છે કે તેઓ એજન્સીઓ પર ભીડ કરવાને બદલે સત્તાવાર એપ કે પોર્ટલનો જ ઉપયોગ કરે.

# દિલ્હીના પાલમ વિસ્તાર ચાર માળની ઈમારતમાં આગ લાગતા ૯ લોકો ભૂંજાયા

ન્યૂ દિલ્હી, તા.૧૮

રાજધાની નવી દિલ્હી ફરી એકવાર અગ્નિશમન સાધનોની કમી અથવા આકસ્મિક દુર્ઘટનાને કારણે ધ્રુજી ઉઠી છે. દક્ષિણ-પશ્ચિમ દિલ્હીના ગીચ વસ્તી ધરાવતા પાલમ વિસ્તારમાં બુધવારની વહેલી સવાર એક કાળી સાબિત થઈ હતી. અહીં આવેલી એક ચાર માળની ઈમારતમાં ભીષણ આગ લાગવાની ઘટના બની છે, જેમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા નવ લોકોના કરૂણ મોત થયા હોવાની વિગતો સામે આવી છે. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે અને સ્થાનિક લોકોમાં ભારે રોષ અને શોકનું મોજું ફરી વળ્યું છે.




પ્રાપ્ત વિગતો અનુસાર, આ ભીષણ આગની શરૂઆત સવારે આશરે સાત વાગ્યાની આસપાસ ઈમારતના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી એક કોસ્મેટિકની દુકાનમાંથી થઈ હતી. દુકાનમાં રહેલા જ્વલનશીલ પદાર્થોને કારણે આગે પળવારમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું અને ઉપરના માળ તરફ પ્રસરી ગઈ હતી. જ્યારે આ દુર્ઘટના ઘટી ત્યારે ઈમારતમાં કુલ ૧૮ જેટલા લોકો હાજર હતા. બહાર નીકળવાનો માર્ગ સાંકડો હોવાથી અને આગ મુખ્ય પ્રવેશદ્વાર પાસે હોવાથી લોકો અંદર ફસાઈ ગયા હતા. જીવ બચાવવા માટે કેટલાક લોકોએ ઉપરના માળેથી પડતું પણ મૂક્યું હતું. ફાયર વિભાગને જાણ થતાની સાથે જ ૩૦ જેટલા ફાયર એન્જિન ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને કલાકોની જહેમત બાદ આગ પર કાબૂ મેળવવાની કોશિશ કરી હતી.આ ગંભીર ઘટનાની ગંભીરતાને ધ્યાને લેતા મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ તાત્કાલિક મેજિસ્ટ્રેટ તપાસના આદેશ આપ્યા છે.

# ઈન્દોરમાં વાહન ચાર્જિંગમાં અચાનક સ્પાર્ક થતા વિસ્ફોટ : આગને કારણે ૭ લોકોના કરૂણ મોત

ઈન્દોર, તા.૧૮

ઈન્દોર શહેરમાંથી એક અત્યંત હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે, જેણે માનવતાને હચમચાવી દીધી છે. શહેરની જાણીતી બ્રિજેશ્વરી એનેક્સ કોલોનીના એક રહેણાંક મકાનમાં વહેલી સવારે ભીષણ આગ ફાટી નીકળતા સાત લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. આ અકસ્માત એટલો ભયાનક હતો કે જોતજોતામાં આખું ઘર આગની લપેટમાં આવી ગયું હતું અને અંદર રહેલા લોકોને બહાર નીકળવાની તક પણ મળી ન હતી.



ઘટનાની વિગતો મુજબ, આ દુર્ઘટના વહેલી સવારે અંદાજે ૩:૩૦ થી ૪:૩૦ વાગ્યાના સમયગાળા દરમિયાન બની હતી જ્યારે પરિવારના સભ્યો ગાઢ નિદ્રામાં હતા. સહાયક પોલીસ કમિશનર કુંદન મંડલોઈએ આ અંગે પુષ્ટિ કરતા જણાવ્યું કે બચાવ કામગીરી તાત્કાલિક ધોરણે શરૂ કરવામાં આવી હતી, પરંતુ દુર્ભાગ્યવશ સાત લોકોના મૃતદેહ મળી આવ્યા છે. ફાયર બ્રિગેડની ટીમોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતોઈન્દોર પોલીસ કમિશનર સંતોષ કુમાર સિંહે પ્રારંભિક તપાસના આધારે જણાવ્યું હતું કે આ ભીષણ આગ પાછળનું મુખ્ય કારણ ઈલેક્ટ્રિક વાહન ચાર્જ કરતી વખતે થયેલો શોર્ટ સર્કિટ અથવા વિસ્ફોટ હોઈ શકે છે. ઘરની બહાર પાર્ક કરેલું એક ઈલેક્ટ્રિક વાહન ચાર્જિંગમાં મુકાયેલું હતું, જેમાં અચાનક સ્પાર્ક થતા વિસ્ફોટ થયો હતો. આ આગ જોતજોતામાં આખા ઘરમાં ફેલાઈ ગઈ હતી. પરિસ્થિતિ ત્યારે વધુ ગંભીર બની જ્યારે ઘરમાં રાખવામાં આવેલા ૧૦થી વધુ ગેસ સિલિન્ડરોમાંથી કેટલાકમાં વિસ્ફોટ થયો. આ ઉપરાંત, ઘરમાં રાખવામાં આવેલા જ્વલનશીલ રસાયણોએ આગમાં ઘી હોમવાનું કામ કર્યું, જેના કારણે આગ વધુ વિકરાળ બની ગઈ હતી.આ ઘર પોલિમર ઉદ્યોગપતિ મનોજ પુગલિયાનું હોવાનું જાણવા મળ્યું છે.

## સંસદ એ એક વિશાળ યુનિવર્સિટી સમાન છે જ્યાં દરેક સભ્યને શીખવાની અને યોગદાન આપવાની તક મળે છે : પીએમ મોદી

# રાજ્યસભાના ૩૭ સાંસદોનો કાર્યકાળ પુરો થતા વિદાય સમારોહ યોજાયો

ન્યૂ દિલ્હી, તા.૧૮

નવી દિલ્હીમાં ૧૮મી તારીખે રાજ્યસભાના ૩૭ સાંસદોનો કાર્યકાળ પૂર્ણ થતા એક ભવ્ય વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગૃહને સંબોધતા જણાવ્યું હતું કે સંસદ એ એક વિશાળ યુનિવર્સિટી સમાન છે જ્યાં દરેક સભ્યને શીખવાની અને યોગદાન આપવાની



તક મળે છે. પીએમ મોદીએ ભારપૂર્વક કહ્યું કે રાજકારણમાં ક્યારેય 'પૂર્ણવિરામ' હોતું નથી અને નિવૃત્ત થઈ રહેલા સાંસદો પોતાના બહોળા અનુભવ સાથે સમાજની સેવામાં કાર્યરત રહેશે. તેમણે ખાસ કરીને એચ. ડી. દેવગૌડા, મલ્લિકાર્જુન ખડગે અને શરદ પવાર જેવા વરિષ્ઠ નેતાઓના સંસદીય કાર્ય પ્રત્યેના સમર્પણની પ્રશંસા કરી હતી.

વડાપ્રધાને રમૂજી અંદાજમાં રામદાસ આઠવલેનો ઉલ્લેખ કરીને વાતાવરણ હળવું કર્યું હતું અને જણાવ્યું હતું કે દર બે વર્ષે થતી આ પ્રક્રિયા લોકશાહી પરંપરાને જીવંત રાખે છે. બીજી તરફ, વિપક્ષી નેતા મલ્લિકાર્જુન ખડગેએ પણ પોતાના ૫૪ વર્ષના રાજકીય અનુભવને યાદ કરતા કહ્યું કે નેતાઓ ક્યારેય થાકતા કે નિવૃત્ત થતા નથી. આ સમારોહ કડવા-મીઠા અનુભવોની યાદ સાથે નવા અને જૂના સભ્યો વચ્ચે જ્ઞાનના આદાનપ્રદાનનું માધ્યમ બન્યો હતો.

પીએમ મોદીએ આશા વ્યક્ત કરી કે નવા આવનારા સાંસદો આ વરિષ્ઠ નેતાઓના માર્ગદર્શન હેઠળ સંસદીય મર્યાદાઓ અને જનસેવાની નવી ઊંચાઈઓ સર કરશે.

# કેન્દ્ર સરકારને પિતૃત્વ રજાને સામાજિક સુરક્ષા લાભ તરીકે માન્યતા આપતો કાયદો ઘડવા સુપ્રિમ કોર્ટનું સૂચન

ન્યુ દિલ્હી, તા.૧૮

નવી દિલ્હીમાં સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદો આપતા જણાવ્યું કે બાળકના સર્વાંગી વિકાસ માટે માત્ર માતા જ નહીં, પરંતુ પિતાની ભૂમિકા પણ અત્યંત કેન્દ્રિય છે. જસ્ટિસ જે.બી. પારડીવાલા અને આર. મહાદેવનની બેન્ચે સ્પષ્ટ કર્યું કે પિતૃત્વ એ કોઈ એક વ્યક્તિની અંગત જવાબદારી નથી, પરંતુ તે એક સહિયારી સામાજિક જવાબદારી છે. કોર્ટે કેન્દ્ર સરકારને પિતૃત્વ રજાને સામાજિક સુરક્ષા લાભ તરીકે માન્યતા આપતો કાયદો ઘડવા માટે સૂચન કર્યું છે. આ નિર્ણય દત્તક લેનારી



માતાઓના રજાના નિયમોમાં સુધારો કરતી વખતે લેવામાં આવ્યો હતો, જેમાં હવે બાળકની ઉંમરને ધ્યાનમાં લીધા વિના ૧૨ અઠવાડિયાની રજા મળવાપાત્ર રહેશે. અદાલતે ભારપૂર્વક જણાવ્યું કે બાળકના પ્રારંભિક જીવનના મહિનાઓમાં પિતા સાથેનું ભાવનાત્મક બંધન અત્યંત જરૂરી છે.





# મીડલ-ઈસ્ટમાંથી ભારતીય ધ્વજ સાથે ક્રુડ ઓઈલ ભરેલુ જહાજ મુન્દ્રા પોર્ટ પહોંચ્યુ

મુન્દ્રા, તા.૧૮



મિડલ ઈસ્ટમાંથી ભારતીય ધ્વજ ધરાવતા જહાજો સુરક્ષિત રીતે ગુજરાતના બંદરો પર પહોંચી રહ્યા છે, જે પુરવઠાની સાતત્યતા જાળવવામાં મદદરૂપ બને છે. 'શિવાલિક' અને 'નંદા દેવી' જેવા જહાજોના સફળ આગમન બાદ, હવે વિશાળ ક્રૂડ ઓઈલ ટેન્કર 'જગ લાડકી' પણ મુન્દ્રા બંદર પર આવી પહોંચ્યું છે. આજે સવારે આશરે ૧૦:૩૦ વાગ્યે આ જહાજ મુન્દ્રાના ઊંડા સમુદ્રમાં સ્થિત સિંગલ પોઈન્ટ મૂરિંગ પર સ્થિર થયું હતું. અહીં કિનારે આવ્યા વિના જ તેલ ઉતારવાની સુવિધા ઉપલબ્ધ છે. સુરક્ષા તપાસ પૂર્ણ થયા બાદ તકનીકી ટીમોએ પ્રોટોકોલ મુજબ મિડ-સી ટ્રાન્સફર પ્રક્રિયા શરૂ કરી દીધી છે.



# બાબરામાં નગરપાલિકાનું સ્વચ્છતા અભિયાન માત્ર કાગળ ઉપર

**સમસ્યાનું નિરાકરણ નહી આવે તો ઉગ્ર આંદોલનની ચિમકી**



બાબરા,તા.૧૮

બાબરા શહેરમાં નગરપાલિકા દ્વારા જાહેર કરાયેલા સ્વચ્છ અભિયાન અંગે સ્થાનિક રહિશોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. અગાઉ સમાચારપત્રમાં પ્રસિધ્ધ થયેલ જાહેર નિવિદા અનુસંધાને, વોર્ડ નંબર ૭ ના રહિશોએ ગંભીર વાંધા નોંધાવ્યા છે. આ રહિશોના જણાવ્યા મુજબ, તેમના વિસ્તારમાં ક્યારેય નિયમિત રીતે સાફ-સફાઈ કરવામાં આવી નથી અને હાલ પણ ગંદકીની સમસ્યા યથાવત છે. નગરપાલિકા દ્વારા સ્વચ્છ અભિયાનના નામે માત્ર કાગળો પર જ કામગીરી દર્શાવવામાં આવી રહી છે, જ્યારે હકીકતમાં કોઈ અસરકારક સફાઈ કાર્ય કરવામાં આવતું નથી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, વોર્ડ ૭ ના મતદારો દ્વારા નગરપાલિકા તંત્રને વાસ્તવિક કામગીરી કરવા અને વિસ્તારની સફાઈ સુનિશ્ચિત કરવા માંગ કરવામાં આવી છે. સ્થાનિક નાગરિકોએ ચેતવણી આપી છે કે જો તેમની સમસ્યાઓનો તાત્કાલિક ઉકેલાશે નહીં તો તેઓ આગળના તબક્કે ઉગ્ર આંદોલન પણ કરી શકે છે.

**ફરિયાદ બાદ વિભાગીય નિયામકે કંડકટરને સસ્પેન્ડ કર્યો**

# અમરેલીથી નાસિક જતી એસ.ટી.બસમાં દિકરી સાથે વિધર્મી કંડકટરની છેડતી

અમરેલી,તા.૧૮

અમરેલીથી નાસિક જતી એસ.ટી. બસમાં ધંધુકાથી ભરવાડ સમાજની દિકરી વણી જવા માટે નિકળી હતી ત્યારે વિધર્મી કંડકટર હુસૈન નકવી દ્વારા દિકરીની છેડતી કરવામાં આવ્યા બાદ દિકરીએ વિરોધ કરતા કંડકટર બસ છોડીને ભાગી ગયો હોવાનું જાણવા મળ્યુ છે. બસને નાસિક જવા માટે કરજણ ડેપો દ્વારા કંડકટર ફાળવવામાં આવ્યો હોવાથી બસ નાસિકથી પરત અમરેલી આવી ગઈ છે. બસમાં જ દિકરી સાથે છેડતી થવાની ઘટના બનતા હિન્દુ સંગઠનોમાં ભારે રોષ ફેલાયો છે. અને કંડકટરને નોકરીમાંથી કાયમી ધોરણે મુક્ત કરવાની માંગ ઉઠી રહી છે. મુસાફરોની સુરક્ષા માટે જાણીતી એસ.ટી. નિગમમાં આવી ઘટનાઓ દીકરીઓની સલામતી સામે સવાલો ઉભા થયા છે. આ બાબતે વિભાગીય નિયામક ભાવેશ પટેલે જણાવ્યું હતું કે, દિકરીની છેડતીની ફરિયાદ આવતા જ તાત્કાલિક અસરથી કંડકટર નકવીને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. એસ.ટી.બસમાં જ દિકરીઓ સલામત ન રહેતા લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

# શાપર સ્થિત વ્રજભૂમિ વિદ્યાલયમાં આનંદ મેળાનું આયોજન કરાયું



અમરેલી,તા.૧૮

શાપર સ્થિત વ્રજભૂમિ વિદ્યાલયમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ભવ્ય 'આનંદ મેળા'નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કનકભવન આશ્રમથી પધારેલા પૂજ્ય મીરાબાપુએ દીપ પ્રાગટ્ય કરી મેળાનું ઉદ્‌ઘાટન કર્યું હતું. કાર્યક્રમમાં ગામના સરપંચ તથા અન્ય સ્થાનિક અગ્રણીઓએ વિશેષ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો. શાળાના આચાર્યએ આ તકે નવી શિક્ષણ નીતિના મહત્વ પર ભાર મૂકતા વિદ્યાર્થીઓને વોકેશનલ ટ્રેનિંગ એટલે કે વ્યવસાયિક તાલીમ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે માત્ર વ્હાઈટ કોલર જોબ પાછળ દોડવાને બદલે હુન્નર શીખીને આત્મનિર્ભર બનવું એ આજના સમયની માંગ છે. મહાનુભાવોએ બાળકોના સર્જનાત્મક સ્ટોલ્સની મુલાકાત લઈ તેમને પ્રોત્સાહિત કર્યા હતા તેમ શાળાના ટ્રસ્ટી ધીરૂભાઈ દેસાઈએ જણાવ્યું હતું.

# અમરેલીના શિક્ષક દંપતીના પુત્રએ યુપીએસસીમાં દેશમાં ૨૪મો નંબર મેળવ્યો




અમરેલી,તા.૧૮

અમરેલીના શિક્ષક દંપતીના સંસ્કાર અને મહેનતનો વારસો ધરાવતા સાગર નાકરાણીએ દેશની અત્યંત કઠિન ગણાતી UPSC IES ૨૦૨૫-૨૦૨૬ પરીક્ષામાં સમગ્ર ભારતમાં ૨૪મો ક્રમ પ્રાપ્ત કરીને સુવર્ણ સફળતા મેળવી છે. અમરેલીની ભોજલપરા પ્રાથમિક શાળાના આચાર્ય અનસુયાબેન અને મુકેશભાઈ નાકરાણીના સુપુત્ર સાગરે રાષ્ટ્રીય સ્તરે ઉત્તીર્ણ થયેલા કુલ ૭૯ વિદ્યાર્થીઓમાં એકમાત્ર ગુજરાતી તરીકે સ્થાન મેળવી રાજ્યનું નામ રોશન કર્યું છે. સાગરની આ અસાધારણ સિદ્ધિ તેની અવિરત મહેનત અને પરિવારના મક્કમ પ્રોત્સાહનનું પરિણામ છે. આ ગૌરવશાળી ક્ષણ બદલ સાગરભાઈ અને સમગ્ર નાકરાણી પરિવારને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

# થોરડીમાં શ્રી નિવાસી અંધ વિદ્યાલય ખાતે 'વિલાસ બાલવાટિકા'નું નિર્માણ



અમરેલી,તા.૧૮

થોરડી સ્થિત શ્રી નિવાસી અંધ વિદ્યાલય ખાતે તાજેતરમાં એક પ્રેરણાદાયી કાર્યક્રમ યોજાયો હતો. મૂળ થોરડીના વતની અને હાલ સુરત સ્થિત ગોરધનભાઈ શેલડીયાના પુત્રો અતુલભાઈ અને અભીભાઈએ પોતાની વ્હાલસોયી બહેન સ્વ. વિલાસબેન (ચકુબેન)ની ૧૨મી પુણ્યતિથિની અનોખી ઉજવણી કરી હતી. દ્રષ્ટિહીન બાળકોના જીવનમાં આનંદનો સંચાર કરવા શેલડીયા પરિવારે એક લાખ રૂપિયાના ખર્ચે 'વિલાસ બાલવાટિકા'નું નિર્માણ કરાવ્યું છે. આ બાલવાટિકામાં લપસણી, હીંચકા અને સી-સો જેવી રાઈડ્સનું વિધિવત લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સુરતથી ખાસ પધારેલા શેલડીયા પરિવાર સાથે લોક સેવક સંઘના ટ્રસ્ટી પૂજ્ય કાંતિદાદા, સરપંચ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ દિવંગત આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

# અમરેલીમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા રામનવમી નિમિત્તે મહાઆરતી યોજાઇ



અમરેલી,તા.૧૮

અમરેલીમાં વિશ્વ હિન્દુ પરિષદની નગર ટીમ દ્વારા ૨૬ માર્ચના રોજ રામનવમી નિમિત્તે શોભાયાત્રાના આયોજનને ધ્યાનમાં રાખીને સિનિયર સિટીઝન પાર્ક ખાતે ૧૬/૩/૨૬ના રોજ કાર્યાલયે મહાઆરતી યોજાઇ હતી. આ તકે રામાનંદી સાધુ સમાજના જતીનભાઈ લશ્કરી, જીતુભાઈ ચરણદાસ, આકાશભાઈ અગ્રાવત, ટોમભાઈ અગ્રાવત, અમુભાઈ રામાવત, ધોબી સમાજના કલ્પેશભાઈ વાઘેલા, જયભાઈ મારૂ, ખત્રી સમાજના યોગેશભાઈ મરથક, રમેશભાઈ ખત્રી, જગદીશભાઈ જોગી, મરાઠી સમાજના શશાંકભાઈ મહાજન, છાયાબેન ગેડીયા, નિકુબેન પંડ્યા, સીમાબેન મહાજન, કમલાબેન ચાવડા, ગોપીબેન ચાવડા અને વિશ્વ હિન્દુ પરિષદ જિલ્લા મંત્રી ઈતેષભાઈ મહેતા, જિલ્લા કોષાધ્યક્ષ પંકજભાઈ ત્રિવેદી, કરણભાઈ વાજા અને આશિષભાઈ જોષી ઉપસ્થિત રહ્યા હતા. આ આરતી માટે મહેશભાઈ જળુ, મહાવીરભાઈ વિંછીયા,પ્રશાંતભાઈ ચુડાસમા, જીતુભાઈ બથવાર,દિલીપસિંહ પરમાર, આકાશભાઈ પરીખ,પ્રશાંતભાઈ પરમાર, નીરજભાઈ ખૂબચંદાણી, ઘનશ્યામભાઈ કાબરીયા, હિરેનભાઈ કરેડ, નિલદિપસિંહ ગોહિલ, સ્મિતભાઈ સોની, અજયભાઈ રાઠોડ, મુકેશભાઈ ચૌહાણ, મયુરભાઈ સોલંકી અને ફોટોગ્રાફી મહાદેવભાઈ ઠાકર અને પાર્થભાઈ સિકોતર વગેરે ખૂબ જહેમત કરી હતી, તેમ પરિષદ અમરેલી નગરના પ્રમુખ ભાવેશભાઈ કાબરીયા અને મંત્રી પંકજભાઈ કાનાણીની યાદી જણાવે છે.

# અમરેલી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સુખપુર ગામે વોકેશનલ તાલીમનું આયોજન



અમરેલી,તા..૧૮

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી દ્વારા સુખપુર ગામ ખાતે તા. ૧૧/૦૩/૨૦૨૬ થી ૧૪/૦૩/૨૦૨૬ દરમિયાન ARYA પ્રોજેક્ટ અંતર્ગત વોકેશનલ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. કેવીકેના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. મિનાક્ષી કે. બારીયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ તાલીમમાં ખેડૂતોને ઉદ્યોગલક્ષી વિવિધ વિષયો પર વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી. તાલીમ દરમિયાન ડો. મિનાક્ષી કે. બારીયાએ ARYA પ્રોજેક્ટની રૂપરેખા આપી ફળ-શાકભાજીમાં મૂલ્યવર્ધન અને ખેત પેદાશોના માર્કેટિંગ વિશે તાલીમ આપી હતી. પ્રોજેક્ટ ઈન્ચાર્જ ડો. નેહા તિવારીએ ખેત પેદાશોમાં પ્રોસેસિંગ તકનીક અને જરૂરી મશીનરી અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ સાથે કેવીકેના વિષય નિષ્ણાંત ડો. શ્વેતા એ. પટેલે મરી-મસાલા પાકોમાં પ્રોસેસિંગ અને પ્રાકૃતિક ખેતી દ્વારા સારા બજાર ભાવ મેળવવા વિશે માહિતી આપી હતી. આ ઉપરાંત, કૃષિ સંશોધન કેન્દ્રના આસિસ્ટન્ટ રિસર્ચ સાયન્ટિસ્ટ ડો. એન. એમ. કાછડિયાએ મધમાખી પાલન અને તેના મૂલ્યવર્ધન વિશે ખેડૂતોને માહિતગાર કર્યા હતા. આ વોકેશનલ તાલીમમાં સુખપુર ગામના આશરે ૮૦ જેટલા ખેડૂત ભાઈઓ અને બહેનોએ ભાગ લીધો હતો.

# બાબરામાં દીકરી રિસાઈને દિયરના ઘરે જતી રહેતા માતાએ આપઘાતનો પ્રયાસ કર્યો

બાબરા, તા.૧૮

બાબરા શહેરમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં ૧૦ વર્ષની માસૂમ દીકરીના રિસામણાંથી દુઃખી થઈને એક વિધવા મહિલાએ એસિડ પી જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો. હાલ મહિલાને ગંભીર હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી છે.

પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે મહિલાના પતિનું ચાર વર્ષ પહેલાં અવસાન થયું હતું. ત્યારથી તેઓ પોતાની ૧૦ વર્ષની પુત્રી જીનલ સાથે એકલા રહીને ગુજરાન ચલાવતા હતા. ગત રોજ કોઈ બાબતે દીકરી તેની માતાથી રિસાઈ ગઈ હતી અને ઘરેથી નીકળીને તેના કાકાના ઘરે જતી રહી હતી. મહિલા પોતાની દીકરીને તેડવા માટે તેમના દિયરના ઘરે ગઈ હતી અને દીકરીને પોતાની સાથે ઘરે આવવા માટે ઘણી સમજાવટ કરી હતી. આમ છતાં, દીકરીએ સાથે આવવાની ના પાડી દેતા મહિલાને મનમાં ખૂબ જ લાગી આવ્યું હતું. દીકરીના આ વર્તનથી હતાશ થયેલી માતાએ પોતાના ઘરે જઈને ઝેરી એસિડ પી લીધું હતું. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો અને પરિવારજનોએ મહિલાને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડી હતી, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. પોલીસે આ મામલે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે. બાબરાના ઈસાપર ગામે એક કિશોરીએ અગમ્ય કારણોસર પોતાની મેળે કપાસમા છાંટવાની ઝેરી દવા પીતા ઝેરી અસર થતાં સારવાર અર્થે ખસેડાઈ હતી.


સંકુલ મહિલા કોલેજ
MBA MCA B.Pharm
M.Pharm. B.Ed. PTC
PG DMLT પ્રવેશ ચાલુ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી -Ad225










## વીજ ચેકીંગ ટીમ દ્વારા ૨૩૦ વીજ જોડાણોની તપાસ કરવામાં આવી

# જાફરાબાદમાં PGVCL ત્રાટકી: પ્રથમ રાઉન્ડમાં જ લાખોની વીજચોરી ઝડપાઈ

જાફરાબાદ,તા.૧૮


તસવીર : બાબુભાઈ વાટેળ

જાફરાબાદ શહેર અને ગ્રામ્ય પંથકમાં પીજીવીસીએલની પેટા વિભાગીય કચેરી દ્વારા હાથ ધરાયેલી આકસ્મિક તપાસને કારણે સમગ્ર પંથકમાં ભારે ફફડાટ મચી ગયો છે. તા.૧૭/૦૩/૨૦૨૬ના રોજ યોજાયેલી આ ખાસ વિજીલન્સ કોર્પોરેટ ડ્રાઈવ અંતર્ગત જાફરાબાદ શહેર સહિત પીપળી કાંઠા, વઢેરા, બલાણા, રોહિસા, મીતયાળા, લુણસાપુર અને કડીયાળી જેવા વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધરાયું હતું. આ કામગીરી દરમિયાન રહેણાંક અને વાણિજ્યિક હેતુના આશરે ૨૩૦ જેટલા વીજજોડાણોની તટસ્થ તપાસ કરવામાં આવતા અંદાજે ૧૪ લાખ રૂપિયાની માતબર વીજચોરી પકડાઈ છે. પીજીવીસીએલ દ્વારા કરવામાં આવેલી આ કડક કાર્યવાહીથી ગેરકાયદેસર વીજ વપરાશ કરતા તત્વોમાં ફાળ પડી છે. તંત્રએ સ્પષ્ટ કહ્યુ છે કે આગામી સમયમાં પણ વીજચોરી અટકાવવા માટે આવી ચેકિંગ ડ્રાઈવ સમયાંતરે ચાલુ રાખવામાં આવશે.

## વિજીલન્સ ડ્રાઇવથી વીજચોરોમાં ફફડાટ અને તંત્રની કડક કાર્યવાહી

# અમરેલીની બંસીધર વિદ્યાલયના વિદ્યાર્થીઓને ચકલીના માળાનું વિતરણ

અમરેલી,તા.૧૮



અમરેલીની શ્રી બંસીધર વિદ્યાલય ખાતે ધોરણ ૯ ના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ પોતાની સૂઝબૂઝ અને જાત મહેનતથી ચકલીના માળા બનાવવાનું સુંદર આયોજન કર્યું હતું. ઉનાળાની કાળઝાળ ગરમીમાં પક્ષીઓને આશરો મળી રહે તેવા ઉમદા હેતુથી દરેક વિદ્યાર્થીએ આ માળાઓ તૈયાર કર્યા છે, જે તેઓ પોતપોતાના ઘરે લગાવશે. વિદ્યાર્થીઓની આ સર્જનાત્મક પ્રવૃત્તિ અને જીવદયાના કાર્યને બિરદાવતા શાળાના આચાર્ય પી. કે. વસરા તથા શિક્ષકગણ ડી.સી. ગોલ, બી.એન. મકવાણા અને રાધિકાબેન શેખવા દ્વારા તમામ ઉત્સાહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ અને પક્ષીપ્રેમની ભાવના કેળવાઈ છે.

# બાબરાના ચમારડી ગામે ખારાવાળી ખોડીયાર મંદિરના મુખ્ય પ્રવેશદ્વારનું ખાતમુહૂર્ત કરાયું

બાબરા,તા.૧૮


તસવીર : દિપક કનૈયા

બાબરા તાલુકાના ઐતિહાસિક અને પૌરાણિક એવા ચમારડી ગામ નજીક બિરાજમાન આઈ શ્રી ખારાવાળી ખોડીયાર માતાજીના મંદિરે ભક્તિમય માહોલમાં મુખ્ય પ્રવેશદ્વારનું ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું. આ પવિત્ર કાર્ય ચમારડી ગામના વતની અને જાણીતા સરદાર પ્રેમી ગોપાલભાઈ વસ્તરપરાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. ઉદારદિલ દાતા ગોપાલભાઈ દ્વારા અલખધણી ગૌશાળાના નવનિર્મિત પ્રવેશદ્વાર માટે કુલ પાંચ લાખ એકાવન હજાર રૂપિયાનું માતબર દાન જાહેર કરવામાં આવ્યું છે. આ અવસરે ગૌશાળા અને મંદિરના મહંત શ્રી ગોવિંદ ભગત દ્વારા દાતાનું ભવ્ય સન્માન કરાયું હતું. આ કાર્યક્રમમાં ગામના સર્વ સમાજના અગ્રણીઓ અને ભાવિકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને આ સેવાકીય પ્રકલ્પને બિરદાવ્યો હતો.

# સા.કુંડલા નગરપાલિકા વોર્ડ નં. ૫ થી ૯ ના નાગરિકો માટે સેવા સેતુ કાર્યક્રમ

સાવરકુંડલા,તા.૧૮


તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા નગરપાલિકા દ્વારા આયોજિત સેવા સેતુ કાર્યક્રમ તાજેતરમાં મહુવા રોડ પર આવેલી નગરપાલિકા કચેરી ખાતે ખૂબ જ ઉત્સાહપૂર્વક સંપન્ન થયો હતો. આ ખાસ કાર્યક્રમમાં વોર્ડ નંબર ૫ થી ૯ ના નાગરિકો માટે સરકારી યોજનાઓના લાભો સીધા જ ઘરઆંગણે પહોંચાડવાનું પ્રશંસનીય આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર દિવસ દરમિયાન કુલ ૧૪૭૪ જેટલા લાભાર્થીઓએ વિવિધ યોજનાઓનો લાભ લીધો હતો. આ કેમ્પની સૌથી મોટી વિશેષતા એ રહી કે લોકોની વ્યક્તિલક્ષી રજૂઆતોનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હોવાથી નાગરિકોમાં ભારે આનંદ જોવા મળ્યો હતો. મોટી સંખ્યામાં ઉમટી પડેલા લોકોએ વહીવટી તંત્રની આ પારદર્શક અને ઝડપી કાર્યપધ્ધતિની સરાહના કરી હતી.

## યુવકના પિતાએ અજાણ્યા વાહનચાલક સામે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી

# વાકિયા-તરવડા રોડ પર અજાણ્યા વાહનની ટક્કરથી યુવકને ગંભીર ઈજા

અમરેલી, તા.૧૮

વાકિયાથી તરવડા ગામ જવાના રોડ પર એક ગંભીર હિટ-એન્ડ-રનની ઘટના સામે આવી હતી. પોતાનું મોટરસાયકલ લઈને ઘરે પરત ફરી રહેલા એક યુવકને અજાણ્યા વાહન ચાલકે જોરદાર ટક્કર મારતા યુવક રોડની સાઈડમાં આવેલા ખેતરમાં ફંગોળાયો હતો. આ અકસ્માતમાં ગંભીર ઈજાઓ થવાને કારણે યુવક કોમામાં સરી પડ્યો હતો. આ અંગ સરંભડા ગામે રહેતા ભીખુભાઈ હમીરભાઈ દાફડા (ઉ.વ.૫૨)એ અજાણ્યા વાહન ચાલક સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમનો દીકરો રૂષિલ બે દિવસ પહેલા પોતાનું મોટરસાયકલ લઈને વાકિયાથી તરવડા રોડ પર થઈ પોતાના ઘરે સરંભડા જઈ રહ્યા હતા. વાકિયા ગામની સીમમાં પહોંચતા જ કોઈ અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન રૂષિલભાઈના મોટરસાયકલ સાથે ધડાકાભેર ભટકાડ્યું હતું. ટક્કર એટલી જોરદાર હતી કે રૂષિલ બાઈક સાથે રોડની સાઈડમાં આવેલા ઘઉંના ખેતરમાં ફંગોળાયા હતા. આ અકસ્માતમાં તેને ગળાના ભાગે ગંભીર છોલાણ અને શરીરે નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. માથાના ભાગે ગંભીર ઈજા થવાને કારણે યુવક કોમામાં સરી પડ્યો હતો. અકસ્માત સર્જ્યા બાદ માનવતા નેવે મૂકીને અજાણ્યો વાહન ચાલક પોતાનું વાહન લઈને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.કે.ડામોર વધુ તપાસ કરી રહ્યા છે.

# દામનગર વીજ કર્મીઓએ વીજપોલ પરથી બિલાડાનું રેસક્યૂ કર્યુ

અમરેલી,તા.૧૮



દામનગરના સીતારામનગર વિસ્તારમાં માનવતાની ઘટના પ્રકાશમાં આવી છે. એક નર બિલાડો અચાનક વીજળીના થાંભલાની ટોચ પર ચડી ગયો હતો અને છેલ્લા ચાર કલાકથી ત્યાં જ ફસાયેલો હતો. સ્થાનિક રહીશોની જાણ થતા તાત્કાલિક પી.જી.વી.સી.એલ.ની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. કર્મચારી એમ.બી. ડાંગર અને તેમના સાથી સ્ટાફે સતર્કતા દાખવી ક્રેઈનની મદદથી ઓપરેશન હાથ ધર્યું હતું. આશરે ૨૦ મિનિટની ભારે જહેમત અને કુશળતા બાદ બિલાડાને સુરક્ષિત રીતે નીચે ઉતારવામાં સફળતા મળી હતી. વીજ પુરવઠો અને રીપેરીંગની કામગીરીમાં વ્યસ્ત રહેતા કર્મચારીઓએ પશુ પ્રત્યે દાખવેલી આ સંવેદનશીલતાને જોઈ સ્થાનિકોએ તેમનો આભાર માન્યો હતો.






# ખાંભાના પચપચીયા ગામેથી ૧૦ લીટર દેશી દારૂ મળ્યો

## પોલીસે પકડાયેલા ઈસમો સામે પ્રોહિબિશન હેઠળ ગૂનો નોંધ્યો

અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લામાં પોલીસે બે સ્થળેથી મળી ૧૨ લીટર પીવાનો દેશી દારૂ જપ્ત કર્યો હતો. ખાંભાના પચપચીયા ગામેથી ૧૦ લીટર દેશી દારૂ મળ્યો હતો. અમરેલી શહેરમાંથી બે સહિત જિલ્લામાંથી કુલ ૮ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.









## -:: જાહેર નોટીસ ::-

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ દિપક વી. નાગ્રેચા, અમરેલીના આથી આ નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમારા અસીલશ્રી હર્મીતાબેન ચિરાગભાઈ માવાણીએ અમો પાસે અમરેલી જીલ્લા તાલુકાના અમરેલી શહેરનાં સુધરાઈ હદ બહાર વરસડા રોડ રસ્તે આવેલ ઔધોગીક હેતુથી બીનખેતીમાં ફેરવાયેલ રે.સ.નં. ૧૭૯/૧ પૈકી જમીન માહેના "મધુવન ચેમ્બર્સ" ગોડાઉનવાળી જમીનના મુળ માલીક નારણભાઈ રૂડાભાઈ મારૂની હતી અને ત્યાર બાદ તેઓ પાસેથી તા.૩૧/૦૯/૧૯૭૮ ના રોજ રજી.વે.દ.નં.૧૬૦૩ થી સંજયકુમાર દિનેશચંદ્ર ગાંધીએ એ વેચાણ રાખેલ ત્યાર બાદ તેઓ પાસેથી તેમના કુલ મુખત્યાર દિનેશચંદ્ર શામળદાસ ગાંધી દવારા સદરહુ મિલ્કત તા.૨૦/૦૮/૧૯૮૮ના રોજ રજી.વે.દ.નં.૧૧૬૩ થી હસુમતીબેન હરકીસનભાઈ મહેતા વિગેરેએ વેચાણ રાખેલ તેઓ પાસેથી સદરહુ મિલ્કત તા.૨૩/૧૧/૧૯૯૫ના રોજ રજી.વે.દ.નં.૨૫૩૨ થી વી.વી એસોસીએસટ્સ અમરેલીના નામે ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો નં.૧.મુકુંદભાઈ વસનજીભાઈ ગઢીયા તથા વસંતરાય માધવજીભાઈ પાંધી એ વેચાણ રાખેલ હતી ત્યાર બાદ તેઓ પાસેથી અનુક્રમે ગોડાઉન નં.૮ વાળી મિલ્કત જેનુ ક્ષેત્રફળ ૨૧-૩૭ ચો.મી છે જે તા.૧૦/૦૩/૧૯૯૭ના રોજ રજી.વે.દ.નં.૬૦૫ થી દેવેશકુમાર ખીમજીભાઈ ઉનડકટે વેચાણ રાખેલ તથા ગોડાઉન નં.૧૬ વાળી મિલ્કત જેનુ ક્ષેત્રફળ ૨૧-૩૭ ચો.મી તથા વરાડે ક્ષેત્રફળ ૩૪-૦૪ ચો.મી કુલ ૫૫-૪૧ ચો.મી છે જે તા.૧૯/૦૩/૧૯૯૭ના રોજ રજી.વે.દ.નં.૬૦૯ થી પલ્લવીબેન ઉમેશભાઈ બોસમીયાએ વેચાણ રાખેલ તે રીતે ઉપરોક્ત બન્ને પાસેથી અમારા અસીલશ્રી હર્મીતાબેન ચિરાગભાઈ માવાણીએ અનુક્રમે ગોડાઉન નં.૮ દેવેશકુમાર ખીમજીભાઈ ઉનડકટ પાસેથી રજી.વે.દ.નં.૫૮૧૫, તા.૧૪/૧૨/૨૦૨૨ ના રોજ તેમજ ગોડાઉન નં.૧૬ પલ્લવીબેન ઉમેશભાઈ બોસમીયા પાસેથી રજી.વે.દ.નં.૪૧૮, તા.૩૦/૦૧/૨૦૧૯ ના રોજ ખરીદ કરેલ છે. તે મિલ્કતના ટાઈટલ કલીયર માટે માંગણી કરતા હોઈ તે રીતે સદરહુ મિલ્કતનો અગાઉનો વેચાણ વ્યવહાર ઉપરોકત કુલમુખત્યાર દરજજે થયેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે અર્ધ સરકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય, કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો, અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક-હિસ્સો હોય અથવા આ મિલ્કત અગાઉ કુલમુખત્યારનામું આપનાર દવારા તેને અગાઉ રદ કરવામાં આવેલ હોય તો કુ.મુ. દવારા ઉપરોકત વેચાણ વ્યવહાર થયેલ હોઈને, જેથી નિયમ અનુસાર સદરહુ મિલ્કતનો ટાઈટલ કલીયર રીપોર્ટ આપતા પહેલા જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,

આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ બે માં સદરહુ મિલ્કત અંગે કોઈને કઈ પણ હરકત, વાંધા તકરાર, હોય તે લેખીતમાં આધાર પુરાવા સાથે અમોના નીચે જણાવેલ સરનામે જણાવવુ, અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા(વેઈવ) કરેલ છે. તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કઈ પણ વાંધા તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહીં તેની જાહેર જનતા તેમજ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તા.૧૭/૦૩/૨૦૨૬
અમરેલી.
૧૧૭, ફસ્ટ ફલોર, નારણ આર્કેડ
ભીડ ભંજન મહાદેવ મંદિર સામે,
લીલીયા રોડ, અમરેલી.

દિપક વી. નાગ્રેચા
એડવોકેટ અમરેલી.






## -:: જાહેર નોટીસ ::-

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ દિપક વી. નાગ્રેચા, અમરેલીના આથી આ નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમારા અસીલશ્રી હર્મીતાબેન ચિરાગભાઈ માવાણીએ અમો પાસે અમરેલી જીલ્લા તાલુકાના અમરેલી શહેરનાં સુધરાઈ હદ બહાર વરસડા રોડ રસ્તે આવેલ ઔધોગીક હેતુથી બીનખેતીમાં ફેરવાયેલ રે.સ.નં. ૧૭૯/૧ પૈકી જમીન માહેના "મધુવન ચેમ્બર્સ" ગોડાઉનવાળી જમીનના મુળ માલીક નારણભાઈ રૂડાભાઈ મારૂની હતી અને ત્યાર બાદ તેઓ પાસેથી તા.૩૧/૦૯/૧૯૭૮ ના રોજ રજી.વે.દ.નં.૧૬૦૩ થી સંજયકુમાર દિનેશચંદ્ર ગાંધીએ એ વેચાણ રાખેલ ત્યાર બાદ તેઓ પાસેથી તેમના કુલ મુખત્યાર દિનેશચંદ્ર શામળદાસ ગાંધી દવારા સદરહુ મિલ્કત તા.૨૦/૦૮/૧૯૮૮ના રોજ રજી.વે.દ.નં.૧૧૬૩ થી હસુમતીબેન હરકીસનભાઈ મહેતા વિગેરેએ વેચાણ રાખેલ તેઓ પાસેથી સદરહુ મિલ્કત તા.૨૩/૧૧/૧૯૯૫ના રોજ રજી.વે.દ.નં.૨૫૩૨ થી વી.વી એસોસીએટસ અમરેલીના નામે ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો નં.૧.મુકુંદભાઈ વસનજીભાઈ ગઢીયા તથા વસંતરાય માધવજીભાઈ પાંધી એ વેચાણ રાખેલ હતી ત્યાર બાદ તેઓ પાસેથી ગોડાઉન નં.૩૩ વાળી મિલ્કત જેનુ ક્ષેત્રફળ ૨૧-૩૭ ચો.મી છે જે તા.૧૦/૦૩/૧૯૯૭ના રોજ રજી.વે.દ.નં.૬૨૧ થી વર્ષાબેન ભુપતભાઈ વણજારાએ વેચાણ રાખેલ અને તેમની પાસેથી તા.૧૪/૦૯/૨૦૦૭ના રોજ રજી.વે.દ.નં.૨૪૪૪ થી સુરેશચંદ્ર મથુરદાસ ચિતલીયાએ વેચાણ રાખેલ ત્યાર બાદ તેમનું અવસાન થતા વારસદારો નં.(૧) શોભનાબેન સુરેશભાઈ ચિતલીયા નં.(૨) ચેતનભાઈ સુરેશભાઈ ચિતલીયા નં.(૩) કેયુરભાઈ સુરેશભાઈ ચિતલીયાના સયુક્ત માલિકી હકકે આવેલ અને તેમની પાસેથી અમારા ઉપરોકત અસીલશ્રી હર્મીતાબેન ચિરાગભાઈ માવાણીએ રજી.વે.દ.નં.૫૯૬૦, તા.૨૮/૧૧/૨૦૨૩ ના રોજ ખરીદ કરેલ છે. તે મિલ્કતના ટાઈટલ કલીયર માટે માંગણી કરતા હોઈ તે રીતે સદરહુ મિલ્કતનો અગાઉનો વેચાણ વ્યવહાર ઉપરોકત કુલમુખત્યાર દરજજે થયેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યક્તિનું કે કોઈ નાણાકીય સંસ્થા કે અર્ધ સરકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય, કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો, અથવા કોઈ ઈસમ/વ્યક્તિનો લાગ ભાગ, હકક-હિસ્સો હોય અથવા આ મિલ્કત અગાઉ કુલમુખત્યારનામું આપનાર દવારા તેને અગાઉ રદ કરવામાં આવેલ હોય તો કુ.મુ. દવારા ઉપરોકત વેચાણ વ્યવહાર થયેલ હોઈને, જેથી નિયમ અનુસાર સદરહુ મિલ્કતનો ટાઈટલ કલીયર રીપોર્ટ આપતા પહેલા જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,

આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ બે માં સદરહુ મિલ્કત અંગે કોઈને કઈ પણ હરકત, વાંધા તકરાર, હોય તો લેખીતમાં આધાર પુરાવા સાથે અમોના નીચે જણાવેલ સરનામે જણાવવુ, અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા(વેઈવ) કરેલ છે. તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ / એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કઈ પણ વાંધા તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી તેની જાહેર જનતા તેમજ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તા.૧૭/૦૩/૨૦૨૬
અમરેલી.
૧૧૭, ફસ્ટ ફલોર, નારણ આર્કેડ
ભીડ ભંજન મહાદેવ મંદિર સામે,
લીલીયા રોડ, અમરેલી.

દિપક વી. નાગ્રેચા
એડવોકેટ અમરેલી.

# ગુનાઈત ઈતિહાસ ધરાવતા શખ્સને પાસા હેઠળ ભૂજની જેલમાં મોકલાયો

અમરેલી,તા.૧૮

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ. ડી. ચાવડાએ જિલ્લામાં મિલકત સબંધી ગુનાઓ આચરતો ઈસમ સુનીલ કમલેશભાઈ સોલંકી, (ઉ.વ. ૨૨, રહે. અમરેલી, સંકુલ ચોકડી, મૂળ રહે. ધોકડવા, તા.ઉના) વિરૂધ્ધ પુરાવા એકઠાં કરી પાસાની દરખાસ્ત તૈયાર કરી હતી અને તેને જિલ્લા પોલીસ અધિક્ષક મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટને મોકલી હતી. આ શખ્સની સમાજ વિરોધી પ્રવૃત્તિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં, અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્રાજે તેની વિરુધ્ધ પાસાનું વોરંટ ઈસ્યું કર્યું હતું. અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતની સુચના મુજબ આ શખ્સને



પાસાની વોરંટની બજવણી કરીને પાલરા સ્પેશ્યલ જેલ, કચ્છ-ભુજ ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે. આ શખ્સ વિરુધ્ધ બાબરા, લાઠી, અમરેલી રૂરલ, લીલીયા અને ઉના પોલીસ સ્ટેશનમાં વિવિધ ગુના નોંધાયા હતા. આ કામગીરી અમરેલી એલ.સી.બી.ના પો.કોન્સ. રમેશભાઈ સીસારા, વુ.હેડ કોન્સ. દયાબેન જસાણી, વુ.પો. કોન્સ. ધ્રુવિનાબેન સુરાણી, રીનાબેન ધોળકીયા દ્વારા કરવામાં આવેલ છે.

# ધારીના આંબરડી સફારી પાર્ક પાસે રિસોર્ટમાં કર્મચારી રૂ.૧૦ લાખ રોકડા લઈને છૂમંતર

ધારી, તા.૧૮

ધારીમાં આવેલા પ્રખ્યાત આંબરડી સફારી પાર્ક નજીક ધ લિયોનીયા હેરીટેજ રિસોર્ટમાં વિશ્વાસઘાત અને છેતરપિંડીની મોટી ઘટના સામે આવી હતી. રિસોર્ટમાં જ કામ કરતા એક કર્મચારીએ તેના માલિક અને સાથી કર્મચારીઓનો વિશ્વાસ કેળવી કુલ રૂ. ૩,૧૦,૦૦૦ ની રોકડ રકમ સેરવી લીધી હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ હતી. ખાંભાના રૂગનાથપુરના વતની હસમુખભાઈ હરદાસભાઈ વેકરીયા (ઉ.વ.૫૬) એ ઉત્તરાખંડના નિખીલેશભાઈ કુકરેટી સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી માહિતી મુજબ, આ ચોરીની ઘટના ગત તા. ૧૬/૦૩/૨૦૨૬ ના રોજ મોડી રાત્રે અંદાજે ૦૨:૦૦ થી વહેલી સવારના ૦૪:૦૦ વાગ્યાના સમયગાળા દરમિયાન બની હતી. રિસોર્ટમાં જ કામ કરતા આરોપી કર્મચારીએ પોતાની જવાબદારી હેઠળની અને અન્ય રીતે મેળવેલી રકમ લઈને ફરાર થઈ ગયો હતો. આરોપીએ રિસોર્ટના કેશ કાઉન્ટરના ટેબલના ખાનામાં રહેલી રૂ. ૧,૫૦,૦૦૦ રોકડ રકમ, અન્ય એક સહકર્મચારીએ વિશ્વાસ રાખીને આરોપીને સાચવવા આપેલી ૬૦,૦૦૦ રોકડ રકમ. તથા તેમના પાર્ટનરે ઉપાડ પેટે આપેલી રૂ. ૧,૦૦,૦૦૦ રકમ મળી કુલ રૂ. ૩,૧૦,૦૦૦ ની માતબર રકમ આરોપી કર્મચારી પોતાની સાથે લઈ નાસી છૂટ્યો હતો. સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાઓના આધારે આરોપીને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા હતા.

## રાયડી ગામેથી માતા બે સંતાનો સાથે ચાલી નીકળી

ખાંભા, તા.૧૮

ખાંભાના રાયડી ગામે રહેતા અને સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતાં એક યુવકની પત્ની બે સંતાનો સાથે ઘરેથી ચાલી નીકળી હતી. આ અંગે અશોકભાઈ નાથાભાઈ જોગદીયા (ઉ.વ.૩૭) એ જાહેર કર્યા મુજબ, પત્ની ભગવતીબેન તેના બંને બાળકો સાથે તા.૦૩/૦૩/૨૦૨૬ ના રોજ બપોરના બે વાગ્યાના સમયે કોઈને કંઈપણ કહ્યા વગર કયાંક જતી રહી હતી અને આજદિન તપાસ કરતા મળી આવેલ નથી.

## જેજાદ ગામની સગીરાને હાથસણીનો યુવક ભગાડી ગયો

સાવરકુંડલા, તા.૧૮

સાવરકુંડલાના જેજાદ ગામે રહેતી સગીરાને હાથસણી ગામનો યુવક ભગાડી ગયો હતો. આ અંગે સગીરાના પિતાએ હાથસણી ગામના મનીષ ઉર્ફે ગોગો નાજાભાઈ ગોહીલ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેની પુત્રીને લગ્ન કરવાની લાલચ આપી લલચાવી, ફોસલાવી, બદકામના ઈરાદે જેજાદ ગામેથી ભગાડીને અપહરણ કરીને લઈ ગયો હતો.

# અમરેલીની મોંઘીબા મહિલા કૉલેજ ખાતે ઉપમા વાર્ષિકોત્સવ "કલરવ"ની ભવ્ય ઉજવણી

અમરેલી,તા.૧૮

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે તા.૧૪/૦૩/૨૦૨૬ના રોજ 'કલરવ' નામે ઉપમો વાર્ષિકોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે વર્ષ દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થિનિઓનું સન્માન, રંગારંગ સાંસ્કૃતિક




કાર્યક્રમો તેમજ અંતિમ વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનિઓને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ સાથે વિદાય આપવા માટે ત્રિવિધ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે અમરેલી જિલ્લા વિદ્યાસભાના ઉપપ્રમુખ હેમેન્દ્રભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત અતિથિ વિશેષ તરીકે અમરેલી જિલ્લા વિદ્યાસભાના મંત્રી ચતુરભાઈ ખૂંટ, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી, પૂર્વ ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. જી.વી. વેલિયતની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

# ભુરખીયા હનુમાનજી મંદિરે આજે નેત્ર નિદાન કેમ્પ યોજાશે

**જરૂરીયાતમંદ દર્દીઓને કેમ્પનો લાભ લેવા અનુરોધ, વિનામૂલ્યે ચશ્મા પણ અપાશે**

અમરેલી,તા.૧૮

લાઠીના ભૂરખીયા હનુમાનજી મંદિરે આજે તા.૧૯ને ગુરુવારે ૯૬મો નેત્ર નિદાન કેમ્પ યોજાશે. રમાબેન પારેખ પરિવાર અને લાયન્સ ક્લબના સહયોગથી સવારે ૮ થી ૧૨ દરમિયાન આયોજિત આ કેમ્પમાં જરૂરિયાતમંદોને વિનામૂલ્યે નેત્રમણી બેસાડી આપવામાં આવશે. આ સેવાનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ આધાર કાર્ડ સાથે સમયસર હાજર રહેવા ટ્રસ્ટ દ્વારા અનુરોધ કરાયો છે. અહીં રાહત દરે ચશ્મા પણ મળશે.

# સા.કુંડલામાં રામ જન્મોત્સવની તડામાર તૈયારીઓ શરૂ કરાઈ

સાવરકુંડલા,તા.૧૮

અયોધ્યામાં રામલલ્લાના આગમન બાદ સમગ્ર દેશની જેમ સાવરકુંડલામાં પણ રામભક્તિનો અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પરંપરાગત રીતે ઉજવાતા શ્રી રામ જન્મોત્સવના ભાગરૂપે પોસ્ટ ઓફિસ રોડ પર શાસ્ત્રોક્ત વિધિ અને સત્યનારાયણ ભગવાનની કથા સાથે ભવ્ય કાર્યાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રામભક્તોના જયઘોષથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. આગામી તારીખ ૨૬/૦૩/૨૦૨૬ ના રોજ સનાતન આશ્રમથી એક વિશાળ શોભાયાત્રા



નીકળશે, જેમાં સજાવેલા રથો અને ભજન મંડળીઓ આકર્ષણનું કેન્દ્ર બનશે. આ ભક્તિના મહાકુંભમાં જોડાવા માટે સમગ્ર ધર્મપ્રેમી જનતાને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# તે કેમ મારા દિકરાને માર્યો તેમ કહી ઠપકો આપતાં છરીની મૂંઠ મારી

**ડુંગર ગામે મેઈન બજારમાં ઘટના બની**

રાજુલા, તા.૧૮

રાજુલાના ડુંગર ગામે મેઈન બજારમાં તે કેમ મારા દિકરાને માર્યો તેમ કહી ઠપકો આપતાં છરીનો ઘોદો માર્યો હતો. આ અંગે સરફરાજભાઈ ઈબ્રાહીમભાઈ હાલેપોટા (ઉ.વ.૪૦) એ આરીફભાઈ હનીભાઈ ગાહા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમને આરોપી સાથે આજથી ત્રણેક વર્ષ પહેલા માથાકુટ થઈ હતી. જેનુ મનદુઃખ રાખી આરોપીએ તેના દિકરા અયાનને ઝાપટ મારી હતી. જેથી તેમણે આરોપીને કહ્યું કે તે કેમ મારા દિકરાને મારેલ છે તેમ ઠપકો આપ્યો હતો. જેથી આરોપીએ છરીના ઘોદામારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસ ફરિયાદ થતા તપાસ શરૂ કરવામાં આવી છે.

# સાવરકુંડલામાં જૂની અદાવતમાં યુવક પર પાઈપ વડે હુમલો

સાવરકુંડલા, તા.૧૮

સાવરકુંડલા શહેરમાં જૂના મનદુઃખને રાખીને એક યુવક પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી હતી. અગાઉ થયેલી બોલાચાલી અને પોલીસ ફરિયાદનો ખાર રાખીને ચાર શખ્સોએ યુવકને ઘેરી લઈ પાઈપો વડે બેરહેમ માર માર્યો હતો. આ અંગે મહેશભાઈ ઉર્ફે મયુર જેન્તીભાઈ મકવાણા (ઉ.વ.૨૫) એ હકુભાઈ, તખુભાઈ તથા બે અજાણ્યા માણસો સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબે તેમની અને હકુભાઈ વચ્ચે અગાઉ કોઈ બાબતે ઝઘડો થયો હતો. આ મામલે આરોપી દ્વારા અગાઉ તેમની અને તેમના માતા વિરુધ્ધ પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી. આ જ વાતનું મનદુઃખ રાખીને ગત રોજ જ્યારે તેઓ પસાર થઈ રહ્યા હતા, ત્યારે આરોપીઓએ એકસંપ થઈને તેમને આંતર્યા હતા અને ગાળો ભાંડી પાઈપ જેવા હથિયારોથી હુમલો કર્યો હતો. આ હુમલામાં તેમને જમણા પગે અને બંને હાથે ફ્રેક્ચર થયું છે. તેમજ શરીર પર ગંભીર ઈજાઓને કારણે બંને હાથ-પગમાં ટાંકા લેવા પડ્યા છે. હુમલો કર્યા બાદ ચારેય શખ્સો ત્યાંથી ફરાર થઈ ગયા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: અમાસ, પડવો
તા.૧૯-૦૩-૨૦૨૬, ગુરૂવાર, સૂર્યોદય-૦૬:૪૮,
સૂર્યાસ્ત-૦૬:૪૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ઉત્તરભાદ્રપદ

## દૈનિક રાશિફળ

તા.૧૯-૦૩-૨૦૨૬ ગુરૂવાર

મેષ: તમે ઇચ્છો તો પણ રોકાણ કરી શકો છો. દિવસ થોડો વ્યસ્ત રહેશે, તેમ છતાં તમે કાર્ય થી સંતુષ્ટ થશો. ધંધામાં લાભની સ્થિતિ સારી રહેશે.

વૃષભ: આજે તમને નાણાકીય લાભ થવાની સંભાવના છે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો.

મિથુન: તમારી ઈચ્છા આજે પૂરી થઈ શકે છે. સંતાનો તરફથી પણ જે ચિંતાઓ રહી હતી તે આજે ઉકેલાશે તેવી અપેક્ષા છે.

કર્ક: આજે શારીરિક અને આર્થિક શક્તિ પ્રાપ્ત થશે. સારી ગુણવત્તાવાળા લોકો સાથે વધતા જોડાણને લીધે અધિકારીઓ તમારી તરફેણમાં રહેશે.

સિંહ: બિનજરૂરી વિવાદોથી આજે દૂર રહો. સાંજથી મોડી રાત સુધી તમને પરિવારના સભ્યો સાથે મુસાફરીનો આનંદ મળશે.

કન્યા: આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થવાની સંભાવના રહેશે. તમને પ્રિયજનોનું ઇચ્છિત સુખ અને ટેકો મળશે.

તુલા: આજે તમે સંતાન પક્ષને લઈને ચિંતિત રહેશો. બાળકની શારીરિક પીડાને કારણે તમે પરેશાન થશો.

વૃશ્ચિક: આજે તમારે સંયમનું પાલન કરવું જોઈએ. કોઈ બાબતે ભાઈ-બહેનો સાથે તણાવ થઈ શકે છે.

ધન: આજે તમારી પ્રતિષ્ઠામાં વધારો થશે. દુશ્મનોનું મનોબળ ઘટશે. સારા લોકો સાથે મિલાપ વધશે.

મકર: આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. તમને બાળક તરફથી ચિંતા થઈ શકે છે.

કુંભ: આજે શુભ ખર્ચ અને ખ્યાતિમાં વધારો થશે. આજે તમને દરેક જગ્યાએ અને ચારેય બાજુ વિજય પ્રાપ્ત થશે.

મીન: આજે તમને ધંધામાં સતત લાભ થવાની સંભાવના રહેશે. તે જ સમયે વ્યાવસાયિક ભાગીદારો સાથે મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે.

# ખાંભાના ત્રાકુડા ગામે નવું મકાન લેવાની અદાવતમાં યુવક પર હુમલો

**વાડીએ બોલાવી પાઈપ વડે ફટકાર્યો**

ખાંભા, તા.૧૮

ખાંભાના ત્રાકુડા ગામે નવું મકાન લેવાની અદાવતમાં યુવક પર હુમલો કરાયો હતો.

યુવકે ગામમાં નવું મકાન ખરીદતા આરોપીઓને તે ગમ્યું નહોતું, જેની અદાવત રાખીને આ હુમલો કરવામાં આવ્યો હતો.

આ અંગે કનુભાઈ જીણાભાઈ રાઠોડ (ઉ.વ.૩૨) એ ભરતભાઈ લખમણભાઈ પરમાર તથા રામજીભાઈ ભાણાભાઈ રાઠોડ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે,તેમણએ તાજેતરમાં જ ત્રાકુડા ગામમાં નવું મકાન લીધું હતું. આ બાબત આરોપીઓને સારી ન લાગતા તેઓએ ખાર રાખ્યો હતો. આ મનદુઃખમાં આરોપીએ તેમને વાડીએ બોલાવ્યા હતા.

તેઓ વાડીએ પહોંચતા જ આરોપીએ તેમને બેફામ ગાળો દેવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન ગળાના ભાગે નખ વડે હુમલો કરી ગંભીર ઉઝરડા કર્યા હતા. પાણીની પ્લાસ્ટિકની પાઈપ વડે માથામાં બે ઘા ઝીંકી દીધા હતા, જેના કારણે કપાળ અને માથાના પાછળના ભાગે લોહી નીકળ્યું હતું. આ ઉપરાંત વાંસામાં અને ડાબા પડખાના ભાગે પણ પાઈપ વડે આડેધડ ફટકારી મૂઢ ઈજાઓ પહોંચાડવામાં આવી હતી. તેમજ બંને આરોપીઓએ તેમને જતાં-જતાં જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ઘનશ્યામભાઈ હસમુખભાઈ મહેતા વધુ તપાસ કરી રહ્યા છે.


## -:: જાહેર નોટીસ ::-

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ દિપક વી. નાગ્રેચા, અમરેલીના આથી આ નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમારા અસીલશ્રી હર્મીતાબેન ચિરાગભાઈ માવાણીએ અમો પાસે અમરેલી જીલ્લા તાલુકાના અમરેલી શહેરનાં સુધરાઈ હદ બહાર વરસડા રોડ રસ્તે આવેલ ઔધોગીક હેતુથી બીનખેતીમાં ફેરવાયેલ રે.સ.નં. ૧૭૯/૧ પૈકી જમીન માહેના "મધુવન ચેમ્બર્સ" ગોડાઉનવાળી જમીન મિલ્કતના મુળ માલીક નારણભાઈ રૂડાભાઈ મારૂની હતી અને ત્યાર બાદ તેઓ પાસેથી તા.૩૧/૦૯/૧૯૭૯ ના રોજ રજી.વે.દ.નં.૧૬૦૩ થી સંજયકુમાર દિનેશચંદ્ર ગાંધીએ એ વેચાણ રાખેલ ત્યાર બાદ તેઓ પાસેથી તેમના કુલ મુખત્યાર દિનેશચંદ્ર શામળદાસ ગાંધી દવારા સદરહુ ગોડાઉન મિલ્કત તા.૨૦/૦૮/૧૯૮૮ના રોજ રજી.વે.દ.નં.૧૧૬૩ થી હસુમતીબેન હરકીસનભાઈ મહેતા વિગેરેએ વેચાણ રાખેલ તેઓ પાસેથી સદરહુ મિલ્કત તા.૨૩/૧૧/૧૯૯૫ના રોજ રજી.વે.દ.નં.૨૫૩૨ થી વી.વી એસોસીએટસ અમરેલીના નામે ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો નં.૧.મુકુંદભાઈ વસનજીભાઈ ગઢીયા તથા વસંતરાય માધવજીભાઈ પાંધી એ વેચાણ રાખેલ હતી ત્યાર બાદ તેઓ પાસેથી અનુક્રમે ગોડાઉન નં.૨૩ વાળી મિલ્કત તા.૧૦/૦૩/૧૯૯૭ના રોજ રજી.વે.દ.નં.૬૧૩ થી પુજા ટ્રેડર્સના પ્રોપરાઈટર વનીતાબેન સુરેશભાઈ પોપટે વેચાણ રાખેલ છે જેનું ક્ષેત્રફળ ૨૧-૨૩ ચો.મી.છે.અને તેમની પાસેથી તા. ૧૧/૦૮/૨૦૦૩ના રોજ રજી.વે.દ.નં.૧૯૦૨ (નવો નં.૩૨૨૯/૨૦૧૩) થી મુકુંદરાય વસનજીભાઈ ગઢીયાએ વેચાણ રાખેલ તથા ગોડાઉન નં. ૩૨ વાળી મિલ્કત તા. ૧૦/૦૩/૧૯૯૭ના રોજ રજી.વે.દ.નં.૬૧૯ થી લક્ષ્મણભાઈ શંભુભાઈ પટેલે વેચાલ રાખેલ જેનુ ક્ષેત્રફળ ૨૧-૩૭ ચો.મી. છે. અને તેમની પાસેથી સુરેશચંદ્ર મથુરદાસ ચિતલીયાએ તા.૧૪/૦૯/૨૦૦૭ના રોજ રજી.વે.દ.નં.૨૪૪૩ થી વેચાણ રાખેલ અને તેમનું અવસાન થતા વારસદારો નં.(૧) શોભનાબેન સુરેશભાઈ ચિતલીયા નં.(૨) ચેતનભાઈ સુરેશભાઈ ચિતલીયા નં.(૩) કેયુરભાઈ સુરેશભાઈ ચિતલીયાના સયુક્ત માલીકી હકકે આવેલ અને તે રીતે ઉપરોકત બન્ને પાસેથી અમારા અસીલશ્રી હર્મીતાબેન ચિરાગભાઈ માવાણીએ અનુક્રમે ગોડાઉન નં.૨૩ મુકુંદરાય વસનજીભાઈ ગઢીયા પાસેથી રજી.વે.દ.નં.૪૧૨૭, તા.૨૮/૦૮/૨૦૨૫ ના રોજ તેમજ ગોડાઉન નં. ૩૨ શોભનાબેન સુરેશભાઈ ચિતલીયા વિગેરે-૩ પાસેથી રજી.વે.દ.નં.૨૩૩૫ થી તા.૧૮/૦૫/૨૦૨૪ ના રોજ ખરીદ કરેલ છે. તે મિલ્કતના ટાઈટલ કલીયર માટે માંગણી કરતા હોઈ તે રીતે સદરહુ મિલ્કતનો અગાઉનો વેચાણ વ્યવહાર ઉપરોક્ત કુલમુખત્યાર દરજજે થયેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે અર્ધ સરકારી સંસ્થાનું હીત સમાયેલ હોય, કે ઉપરોક્ત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય, કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો, અથવા કોઈ ઈસમ/વ્યક્તિનો લાગ ભાગ, હકક-હિસ્સો હોય અથવા આ મિલ્કત અગાઉ કુલમુખત્યારનામું આપનાર દવારા તેને અગાઉ રદ કરવામાં આવેલ હોય તો કુ.મુ. દવારા ઉપરોક્ત વેચાણ વ્યવહાર થયેલ હોઈને, જેથી નિયમ અનુસાર સદરહુ મિલ્કતનો ટાઈટલ ક્લીયર રીપોર્ટ આપતા પહેલા જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,

આ નોટીસ પસિધ્ધ થયેથી દિવસ બે માં સદરહુ મિલ્કત અંગે કોઈને કઈ પણ હરકત, વાંધા તકરાર, હોય તો લેખીતમાં આધાર પુરાવા સાથે અમોના નીચે જણાવેલ સરનામે જણાવવું, અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા(વેઈવ) કરેલ છે. તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ / એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કંઈ પણ વાંધા તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી તેની જાહેર જનતા તેમજ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

**તા.૧૭/૦૩/૨૦૨૬**
**અમરેલી.**
**૧૧૭, ફસ્ટ ફલોર, નારણ આર્કેડ**
**ભીડ ભંજન મહાદેવ મંદિર સામે,**
**લીલીયા રોડ, અમરેલી.**

**દિપક વી. નાગ્રેચા**
**એડવોકેટ અમરેલી.**


# રાજુલાના ડુંગર ગામે સામે જોવા જેવી નજીવી વાતમાં યુવક પર હુમલો અને ગાળાગાળી

રાજુલા, તા.૧૮

રાજુલાના ડુંગર ગામે માત્ર સામે જોવા જેવી નજીવી બાબતે એક યુવક સાથે ઝઘડો કરી તેને માર મારવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી હતી. આ મામલે ફરિયાદીએ સામાવાળા શખ્સ વિરુધ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. વાહીદભાઈ ઉસ્માનભાઈ ગાહા (ઉ.વ.૨૨) એ મજીદભાઈ મુસાભાઈ ગાહા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ પોતાના ઘર પાસે બેઠો હતો, તે દરમિયાન સામાવાળો શખ્સ પોતાનું મોટરસાયકલ લઈને ત્યાંથી પસાર થયો હતો. આ વખતે તેમણે તેની સામે જોતા સામાવાળાને તે ગમ્યું નહોતું અને તે ઉશ્કેરાઈ ગયો હતો અને બેફામ ગાળો દેવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ તેણે ઝાપટ મારવા પ્રયાસ કર્યો હતો, જે દરમિયાન ફરિયાદીએ પોતાનો ડાબો હાથ આડો રાખતા તેને ડાબા હાથ પર ઝાપટ વાગી હતી અને મૂઢ ઈજા થઈ હતી. આ મામલે જ્યારે સાહેદ વચ્ચે છોડાવવા પડ્યા, ત્યારે આરોપીએ તેમને પણ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ડુંગર પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.કે.પીછડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

# આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ: સંકટમાં સહારો

ભારતમાં આવશ્યક ચીજવસ્તુઓની અછત અને ભાવવધારો અટકાવવા માટે સરકાર પાસે એક મહત્વપૂર્ણ કાનૂની સાધન તરીકે "આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫" કાર્યરત છે. આ કાયદો દેશની ખાદ્ય સુરક્ષા અને પુરવઠા સંબંધિત સમસ્યાઓને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યો હતો. સ્વતંત્રતા પછીના સમયમાં દેશે અન્નની અછત, મોંઘવારી અને સંગ્રહખોરી જેવી ગંભીર પરિસ્થિતિઓનો સામનો કર્યો હતો, જેના કારણે આ કાયદાની જરૂરિયાત ઊભી થઈ. આ કાયદાનો મુખ્ય હેતુ સામાન્ય નાગરિકોને જરૂરી ચીજવસ્તુઓ યોગ્ય કિંમતે અને પૂરતી માત્રામાં ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવો છે. આ અધિનિયમ હેઠળ સરકારને વિશેષ સત્તાઓ આપવામાં આવી છે, જેમ કે આવશ્યક ચીજવસ્તુઓ પર સ્ટોક મર્યાદા નક્કી કરવી, કિંમતો નિયંત્રિત કરવી, વેપારીઓ માટે લાઈસન્સ ફરજિયાત બનાવવું અને માલના સંગ્રહ તથા વિતરણ પર નિયંત્રણ મૂકવું. જો બજારમાં કૃત્રિમ અછત ઊભી કરવામાં આવે અથવા સંગ્રહખોરી દ્વારા ભાવવધારો કરવામાં આવે, તો સરકાર તરત જ હસ્તક્ષેપ કરી શકે છે. આવશ્યક ચીજવસ્તુઓની યાદી સ્થિર નથી. તે સમય અને પરિસ્થિતિ પ્રમાણે બદલાય છે. ટામેટાં, ડુંગળી અને ઘઉં જેવી ચીજવસ્તુઓને સંકટના સમયમાં યાદીમાં સામેલ કરવામાં આવે છે અને પરિસ્થિતિ સામાન્ય થાય ત્યારે દૂર કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૦ના સુધારાઓ પછી કેટલીક કૃષિ ચીજવસ્તુઓને નિયમનમાંથી મુક્ત કરવામાં આવી છે, છતાં અસાધારણ પરિસ્થિતિમાં સરકાર ફરી નિયંત્રણ લાદી શકે છે. હાલમાં દવાઓ, ખાતરો, ખાદ્ય ચીજવસ્તુઓ અને પેટ્રોલિયમ ઉત્પાદનો આ યાદીમાં મુખ્યત્વે સમાવેશ પામે છે. આ અધિનિયમની કલમ ૩ સરકારને પુરવઠા, વિતરણ અને કિંમતો નિયંત્રિત કરવાની વિશાળ સત્તાઓ આપે છે. સાથે જ, કલમ ૫ મુજબ કેન્દ્ર સરકાર પોતાની સત્તાઓ રાજ્ય સરકારોને સોંપી શકે છે, જેથી સ્થાનિક સ્તરે ઝડપી અને અસરકારક નિર્ણય લઈ શકાય. આ વ્યવસ્થા દેશની આર્થિક અને સામાજિક સ્થિરતા જાળવવામાં મદદરૂપ બને છે. તાજેતરમાં મધ્ય-પૂર્વમાં વધતા તણાવને કારણે આ કાયદો ફરી ચર્ચામાં આવ્યો છે. ઈરાન, અમેરિકા અને ઈઝરાયલ વચ્ચેના સંઘર્ષના કારણે મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગો પ્રભાવિત થયા છે. ભારત માટે આ માર્ગો અત્યંત મહત્વપૂર્ણ છે, કારણ કે દેશ ઈંધણ અને ગેસ માટે મોટા પ્રમાણમાં આયાત પર આધારિત છે. આ પરિસ્થિતિમાં એલપીજી જેવા ઈંધણના પુરવઠા પર અસર થવાની શક્યતા ઊભી થઈ છે. સરકારે આ સંજોગોને ધ્યાનમાં રાખીને આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ હેઠળ પગલાં લીધાં છે, જેથી એલપીજીનો પુરવઠો જળવાઈ રહે અને બજારમાં અછત ન ઊભી થાય. ખાસ કરીને રેસ્ટોરન્ટ અને હોટેલ ઉદ્યોગ પર તેનો સીધો પ્રભાવ પડે છે, કારણ કે તેઓ ગેસ પર વધુ નિર્ભર છે. ગેસની અછત તેમના વ્યવસાય માટે ગંભીર પડકાર બની શકે છે. સરકારે સ્ટોક મર્યાદા નક્કી કરવાની, વિતરણ વ્યવસ્થાને મજબૂત બનાવવાની અને કિંમતો નિયંત્રિત રાખવાની પ્રક્રિયા શરૂ કરી છે. આ પગલાં સંગ્રહખોરી રોકવામાં મદદરૂપ થાય છે અને ગેરકાયદેસર રીતે ભાવવધારો કરનારાઓ સામે કડક કાર્યવાહી શક્ય બને છે. રાજ્ય સરકારોને પણ સત્તાઓ સોંપવામાં આવી છે, જેથી તેઓ સ્થાનિક સ્તરે પરિસ્થિતિ મુજબ યોગ્ય પગલાં લઈ શકે. આ રીતે, આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ માત્ર તાત્કાલિક સંકટમાં જ નહીં, પરંતુ લાંબા ગાળે પણ દેશ માટે સુરક્ષા કવચ તરીકે કાર્ય કરે છે. જોકે, તેની અમલવારી પારદર્શક અને સંતુલિત હોવી જરૂરી છે, જેથી બજારમાં અતિશય દખલ ન થાય અને વેપાર પ્રવાહ પર નકારાત્મક અસર ન પડે.


# પર્શિયા અને પશ્ચિમનો સંઘર્ષ એટલે અઢી હજાર વર્ષ જૂની સાંસ્કૃતિક દુશ્મનાવટનો ઇતિહાસ

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

અમેરિકા અને ઈરાન વચ્ચેનો સંઘર્ષ વિશ્વ રાજકારણના સૌથી જૂના અને જટિલ વિવાદોમાંનો એક ગણાય છે. આ વિવાદ માત્ર બે દેશો વચ્ચેની રાજકીય અથડામણ નથી, પરંતુ તેમાં વિચારધારાત્મક તફાવત, પ્રાદેશિક પ્રભાવ, અને ખાસ કરીને તેલ જેવા કુદરતી સંસાધનો પર નિયંત્રણ મેળવવાની સ્પર્ધા સામેલ છે. આ સંઘર્ષને સમજવા માટે તેના ઐતિહાસિક મૂળ સુધી જવું જરૂરી બને છે, કારણ કે એક સમય એવો પણ હતો જ્યારે બંને દેશો વચ્ચે મિત્રતાભર્યા સંબંધો હતા. બીજા વિશ્વયુદ્ધ પછી અમેરિકા અને ઈરાન વચ્ચે મજબૂત સંબંધો વિકસ્યા હતા. અમેરિકાએ ઈરાનના રાજા શાહ મોહમ્મદ રઝા પહેલવીને રાજકીય અને આર્થિક રીતે ટેકો આપ્યો હતો. પરંતુ ૧૯૫૩માં એક મહત્વપૂર્ણ વળાંક આવ્યો, જ્યારે ઈરાનના લોકશાહી રીતે ચૂંટાયેલા વડાપ્રધાન મોહમ્મદ મોસાદેકે દેશના તેલ ઉદ્યોગનું રાષ્ટ્રીયકરણ કર્યું. આ પગલું પશ્ચિમી દેશોને સ્વીકાર્ય ન હતું. પરિણામે અમેરિકા અને બ્રિટને મળીને મોસાદેકને સત્તા પરથી હટાવ્યા. આ ઘટનાએ ઈરાનની જનતામાં પશ્ચિમ પ્રત્યે અવિશ્વાસ અને અસંતોષ ઊભો કર્યો, જે આગળ જતા મોટા સંઘર્ષનું કારણ બન્યો. ઈરાન-અમેરિકા સંબંધોમાં સૌથી મોટો ફેરફાર ૧૯૭૯ની ઈસ્લામિક ક્રાંતિથી આવ્યો. આયાતુલ્લા ખોમેનીના નેતૃત્વ હેઠળ શાહનું શાસન ખતમ થયું અને ઈરાન એક ઈસ્લામિક રિપબ્લિક બની ગયું. આ સમયગાળા દરમિયાન તેહરાન સ્થિત અમેરિકી દૂતાવાસ પર પ્રદર્શનકારીઓએ કબજો કરીને ૫૨ અમેરિકી નાગરિકોને ૪૪૪ દિવસ સુધી બંધક બનાવ્યા હતા. આ ઘટનાએ બંને દેશો વચ્ચેના રાજદ્વારી સંબંધોને સંપૂર્ણપણે તોડી નાખ્યા. ત્યારબાદથી બંને દેશો વચ્ચે સતત તણાવપૂર્ણ સંબંધો રહ્યા છે. તાજેતરના દાયકાઓમાં ઈરાનના પરમાણુ કાર્યક્રમને લઈને તણાવ વધુ વધ્યો છે. અમેરિકા અને તેના સાથી દેશોને આશંકા છે કે ઈરાન પરમાણુ હથિયારો વિકસાવી રહ્યું છે, જે મધ્ય પૂર્વ માટે જોખમરૂપ બની શકે છે. આ શંકાના આધારે અમેરિકાએ ઈરાન પર કડક આર્થિક પ્રતિબંધો લાદ્યા છે. આ પ્રતિબંધોના કારણે ઈરાનનું અર્થતંત્ર નબળું પડ્યું છે, પરંતુ તે છતાં ઈરાન પોતાના પરમાણુ કાર્યક્રમને રાષ્ટ્રીય ગૌરવ અને સુરક્ષા સાથે જોડીને આગળ ધપાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. ઈરાન મધ્ય પૂર્વમાં પોતાનો પ્રભાવ વધારવા માટે લેબનોન, સીરિયા અને યમન જેવા દેશોમાં વિવિધ જૂથોને ટેકો આપે છે. અમેરિકા આ પ્રવૃત્તિને આતંકવાદને પ્રોત્સાહન તરીકે જોવે છે. આ કારણે બંને દેશો વચ્ચેનો તણાવ વધુ ગાઢ બન્યો છે. ઉપરાંત, ઈરાનનું ભૌગોલિક સ્થાન પણ અત્યંત મહત્વપૂર્ણ છે. હોર્મુઝની સામુદ્રધુની પરથી વિશ્વના મોટા પ્રમાણમાં તેલનો વેપાર થાય છે. ઈરાન દ્વારા આ માર્ગને અવરોધવાની ધમકી વૈશ્વિક અર્થતંત્ર માટે ગંભીર અસરકારક બની શકે છે. ઈરાન અને પશ્ચિમ વચ્ચેનો વિવાદ માત્ર આધુનિક રાજકારણ પૂરતો મર્યાદિત નથી. તેના મૂળ પ્રાચીન ઈતિહાસમાં પણ જોવા મળે છે. ગ્રીક નગર-રાજ્યો અને પર્શિયન સામ્રાજ્ય વચ્ચે થયેલા યુદ્ધો આ સાંસ્કૃતિક અથડામણનું પ્રારંભિક સ્વરૂપ હતા. ગ્રીક ઈતિહાસકાર હેરોડોટસે પોતાની કૃતિમાં પર્શિયન લોકોને "બાર્બેરિયન" તરીકે વર્ણવ્યા હતા, જે પશ્ચિમના માનસમાં એક નકારાત્મક છબી ઊભી કરવામાં સહાયક બન્યું. આજના સમયમાં પણ આ માનસિકતા કેટલાક અંશે યથાવત્ જોવા મળે છે. હોલીવુડ ફિલ્મો અને વેબ સિરીઝ દ્વારા પણ આ વિવાદને એકતરફી રીતે રજૂ કરવામાં આવ્યો છે. "૩૦૦" જેવી ફિલ્મોમાં પર્શિયન સામ્રાજ્યને નકારાત્મક રીતે દર્શાવવામાં આવ્યું છે, જ્યારે ગ્રીક યોદ્ધાઓને નાયક તરીકે રજૂ કરવામાં આવ્યા છે. આ પ્રકારની રજૂઆત પશ્ચિમ અને પૂર્વ વચ્ચેના માનસિક અંતરને વધુ વધારવામાં સહાયક બની છે. ઈરાન-અમેરિકા સંઘર્ષની અસર ભારત જેવા દેશો પર પણ સીધી પડે છે. ભારત મોટાપાયે કાચા તેલ માટે મધ્ય પૂર્વ પર નિર્ભર છે. હોર્મુઝની સામુદ્રધુનીમાં કોઈ પણ પ્રકારની અસ્થિરતા તેલના ભાવમાં વધારો કરી શકે છે, જે ભારતની અર્થવ્યવસ્થાને અસર કરે છે. ઉપરાંત, ભારતના વેપાર અને ઊર્જા સુરક્ષા માટે આ વિસ્તારની શાંતિ અત્યંત જરૂરી છે. આ રીતે જોવામાં આવે તો અમેરિકા અને ઈરાન વચ્ચેનો સંઘર્ષ માત્ર રાજકીય અથવા સૈન્ય મુદ્દો નથી, પરંતુ તે ઈતિહાસ, સંસ્કૃતિ અને વિચારધારાનો સંકુલ સંઘર્ષ છે. દાયકાઓથી ચાલતા આ વિવાદનો ઉકેલ માત્ર સૈન્ય શક્તિ દ્વારા શક્ય નથી. વૈશ્વિક શાંતિ અને સ્થિરતા માટે જરૂરી છે કે બંને દેશો સંવાદ અને રાજદ્વારી માર્ગ અપનાવે. પરસ્પર વિશ્વાસ અને સહકાર દ્વારા જ આ લાંબા ગાળાના સંઘર્ષનો ટકાઉ ઉકેલ મેળવી શકાય છે.



## શબ્દ સંજોગ-૨૧૬૪



**આડી ચાવી :**
(૧) ગુજરાતનું એક તિર્થધામ (૩)
(૩) ગતિ, વેગ (૩)
(૬) ખરુ લોઢુ, પોલાદ (૪)
(૭) અગ્નિ, દેવતા (૨)
(૮) ઘટતી કિંમત કરવી તે (આ-અ) (૩)
(૧૦) દરિયાની ખાડી (૨)
(૧૨) હા દર્શાવતો માનવાચક શબ્દ (૧)
(૧૩) આગળીથી વેગળા તે વેગળા (૨)
(૧૫) નશો, કેફ (૨)
(૧૬) ફિલ્મ એન્ડ ટીવી ઈન્સ્ટિટયુટ અહી આવી (૨)
(૨૦) સહેજ સંકેત (૩)
(૨૧) એક મુસ્લીમ તહેવાર (૨)
(૨૨) યુક્તિ, પ્રપંચ (૨)
(૨૩) વર્તુળના મધ્યબિંદુથી સુરેખાનું અંતર (૨)
(૨૫) સાડીનો લટકતો છેડો (૩)
(૨૬) ઢોરના શિંગડાનો રોગ (૪)
(૨૭) લૂગડાનો લાંબો કકડો (૨)

**ઉભી ચાવી :**
(૧) હાથનું એક ઘરેણુ (૩)
(૨) હૈયુ, મન (૩)
(૩) હીરાની પરખ આજ કરી શકે (૩)
(૪) ઝાંખુ અંગ્રેજીમાં (૨)
(૫) સ્ત્રીઓ આમા સિંદુર પૂરે (૨)
(૭) બેસવાની જગા (૩)
(૯) શબને ઓઢાડવાનું કપડું (૩)
(૧૧) ગાંધીજીનું હૂલામણુ નામ (૨)
(૧૪) મજબૂત બાંધાનું (૪)
(૧૫) ....ઘેર માટીના ચૂલા (૨)
(૧૭) દૃશ્ય કાવ્ય (૩)
(૧૮) પરોઢિયું (૨)
(૧૯) રસ, આનંદ (૨)
(૨૧) યજ્ઞ, પૂજા (૨)
(૨૨) થોડો ધીમો તાવ (૩)
(૨૩) ત્રણ પ્રકારે (૨)
(૨૪) ધરતીનો છેડો (૨)
(૨૫) ભેંસનુ માદા બચ્ચુ (૨)

## શબ્દ સંજોગ-૨૧૬૩ જવાબ

**આડી ચાવી:** (૨) સહદેવ (૪) શૈલી (૫) સંતૃપ્ત (૭) શૈલ (૮) અનામ (૧૦) પુના (૧૨) સૈન્ય (૧૩) સાવિત્રી (૧૫) દગડ (૧૭) પા (૧૯) ઝકોર (૨૧) અટકળ (૨૩) ઢોલ (૨૪) સડક (૨૬) ધમણ (૨૭) દલાલ (૨૯) યોજન (૩૦) કચોરી.
**ઉભી ચાવી:** (૧) પસં(સંપ) (૨) સપ્ત (૩) દેશના (૪) શૈલ (૬) તૃપ્તિ (૮) અન્ય (૯) મસા (૧૧) નંદ (૧૨) સૈડકો (૧૪) વિરાટ (૧૬) ગઝલ (૧૮) ઢાળ (૨૦) રસમ (૨૧) અક (૨૨) કમલા (૨૩) ઢોલિયો (૨૫) ડણક (૨૬) ધન (૨૭) દરી (૨૮) લક્ષ્મી.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૨૦ | ૧૬૪૯ |
| જુવાર સફેદ | ૯૨૫ | ૧૨૦૦ |
| જુવાર લાલ | ૧૦૦૦ | ૧૪૫૧ |
| જુવાર પીળી | ૪૦૦ | ૫૧૫ |
| બાજરી | ૨૦૦ | ૩૦૦ |
| તુવેર | ૧૧૫૦ | ૧૪૯૩ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૦૬૦ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૭૬૦ |
| અડદ | ૮૦૦ | ૧૬૮૫ |
| મગ | ૮૦૦ | ૧૫૯૧ |
| વાલ દેશી | ૭૦૦ | ૧૦૭૫ |
| વટાણા | ૮૫૫ | ૧૨૯૦ |
| રાજમા | ૧૦૦૦ | ૧૭૬૦ |
| સીંગદાણા | ૧૪૦૦ | ૧૭૫૨ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૫૬૫ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૫૫૦ |
| તલી | ૧૪૫૦ | ૨૧૨૦ |
| એરંડા | ૧૨૦૨ | ૧૩૦૩ |
| સુવા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૮૫૦ | ૧૦૪૧ |
| સીંગફાડા | ૧૧૫૦ | ૧૬૯૦ |
| કાળા તલ | ૨૫૦૦ | ૪૧૦૦ |
| લસણ | ૯૨૫ | ૧૭૪૫ |
| મરચા સુકા | ૧૫૦૦ | ૬૨૦૦ |
| વરીયાળી | ૧૪૦૦ | ૧૭૧૦ |
| જીરૂ | ૩૫૪૧ | ૪૧૩૫ |
| રાય | ૯૦૦ | ૧૩૦૦ |
| ઇસબગુલ | ૧૨૫૦ | ૨૦૦૦ |
| અશેરીયો | ૯૦૦ | ૧૧૯૫ |
| કલોંજી | ૨૬૪૦ | ૩૨૫૦ |
| રાયડો | ૮૦૦ | ૧૧૬૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૧૦૧૦ | ૧૪૨૧ |
| લીંબુ | ૧૪૨૪ | ૨૯૨૮ |
| સાકરટેટી | ૧૪૮ | ૩૨૧ |
| તરબુચ | ૨૧૨ | ૪૨૬ |
| પપૈયા | ૮૭ | ૧૭૮ |
| બટેટા | ૭૨ | ૨૫૩ |
| ડુંગળી સુકી | ૫૨ | ૨૨૩ |
| ટમેટા | ૧૦૨ | ૨૧૪ |
| સુરણ | ૧૦૦૩ | ૧૨૦૪ |
| કોથમરી | ૨૦૨ | ૩૧૮ |
| સકરીયા | ૫૧૦ | ૭૧૯ |
| મુળા | ૩૧૧ | ૫૩૧ |
| રીંગણા | ૧૯૮ | ૪૮૧ |
| કોબીજ | ૭૧ | ૧૧૭ |
| ફ્લાવર | ૨૩૨ | ૫૨૭ |
| ભીંડો | ૬૪૮ | ૮૫૧ |
| ગુવાર | ૮૫૭ | ૧૩૨૫ |
| ચોળાસીંગ | ૬૩૮ | ૯૯૭ |
| વાલોળ | ૫૦૭ | ૬૮૮ |
| ટીંડોળા | ૩૮૭ | ૭૬૨ |
| દુધી | ૯૧ | ૨૦૪ |
| કારેલા | ૬૫૨ | ૮૧૧ |
| સરગવો | ૪૦૨ | ૬૮૯ |

| | | |
|---|---|---|
| તુરીયા | ૫૦૨ | ૬૯૨ |
| પરવર | ૧૧૦૭ | ૧૪૪૮ |
| કાકડી | ૨૪૭ | ૫૨૭ |
| ગાજર | ૧૪૨ | ૨૪૯ |
| વટાણા | ૬૧૨ | ૮૧૩ |
| ગલકા | ૪૫૯ | ૬૭૯ |
| બીટ | ૮૩ | ૧૫૮ |
| મેથી | ૨૦૧ | ૩૦૩ |
| વાલ | ૭૧૯ | ૮૯૯ |
| ડુંગળી લીલી | ૨૨૪ | ૩૬૨ |
| આદુ | ૯૧૮ | ૧૧૨૧ |
| મરચા લીલા | ૫૨૬ | ૭૭૯ |
| લસણ લીલું | ૪૩૯ | ૮૨૬ |
| મકાઇ લીલી | ૧૦૮ | ૨૧૧ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૦૬૧ | ૧૬૪૬ |
| ઘઉં લોકવન | ૪૪૬ | ૬૦૬ |
| ઘઉં ટુકડા | ૪૩૨ | ૭૫૮ |
| મગફળી જીણી | ૧૧૬૧ | ૧૫૮૧ |
| સિંગ ફાડીયા | ૭૦૦ | ૧૭૨૧ |
| એરંડા / એરંડી | ૧૧૦૧ | ૧૨૯૧ |
| વરીયાળી | ૨૭૭૬ | ૨૭૭૬ |
| ધાણા | ૧૨૫૧ | ૨૧૫૧ |
| મરચા સૂકા પટ્ટો | ૧૪૦૧ | ૧૧૫૦૧ |
| ડુંગળી લાલ | ૫૧ | ૨૪૧ |
| અડદ | ૮૦૦ | ૧૫૬૧ |
| મઠ | ૫૭૬ | ૮૨૬ |
| તુવેર | ૯૦૦ | ૧૫૪૧ |
| રાજગરો | ૮૭૬ | ૮૭૬ |
| રાયડો | ૧૦૦૧ | ૧૧૬૧ |
| રાય | ૧૧૫૧ | ૧૨૮૧ |
| મેથી | ૬૦૧ | ૧૩૭૧ |
| કાંગ | ૩૬૧ | ૫૩૧ |
| મરચા | ૧૭૦૧ | ૮૧૦૧ |
| મગફળી જાડી | ૧૦૭૧ | ૧૫૨૬ |
| મગફળી ૬૬ | ૧૩૮૧ | ૧૪૯૧ |
| ધાણી | ૧૩૫૧ | ૨૫૫૧ |
| ડુંગળી સફેદ | ૨૦૧ | ૨૫૬ |
| બાજરો | ૩૦૧ | ૩૫૧ |
| જુવાર | ૮૦૧ | ૧૦૪૧ |
| મકાઇ | ૩૦૧ | ૪૦૧ |
| મગ | ૫૦૧ | ૧૭૯૧ |
| વાલ | ૪૫૧ | ૧૧૫૧ |
| વાલ પાપડી | ૧૨૭૬ | ૧૨૭૬ |
| ચોળા / ચોળી | ૫૫૧ | ૯૦૧ |
| સોયાબીન | ૯૫૧ | ૧૦૨૧ |
| ગોગળી | ૯૦૦ | ૧૨૭૧ |
| વટાણા | ૬૭૬ | ૧૦૦૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| મરચા | ૧૮૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૩૮૦ | ૨૦૦૦ |
| કોબી | ૬૦ | ૨૦૦ |
| દુધી | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૩૦ | ૪૦૦ |
| કાકડી | ૬૦ | ૫૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૭૦૦ |

| | | |
|---|---|---|
| ભીંડો | ૪૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૨૦૦ | ૫૦૦ |
| ગાજર | ૧૦૦ | ૫૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૮૦૦ |
| તુવેર | ૨૦૦ | ૫૦૦ |
| વાલ | ૪૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૪૦૦ | ૧૧૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૫૦૦ |
| કેરી કાચી | ૬૦૦ | ૨૦૦૦ |
| બટેટા | ૧૪૦ | ૨૪૦ |
| ડુંગળી પુરા | ૫ | ૭ |
| કોથમીર પુરા | ૧ | ૮ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| કાચા કેળા | ૮૦ | ૨૦૦ |
| નારિયેળ | ૫૦૦ | ૭૦૦ |
| ઘીસોડા | ૧૮૦ | ૬૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૨૮૦૦ |
| મેથી પુરા | ૨ | ૫ |
| બીટ પુરા | ૪ | ૧૦ |
| સરગવો પુરા | ૮ | ૩૫ |
| ચોરા | ૧૮૦ | ૧૦૦૦ |
| કારેલા | ૩૦૦ | ૯૦૦ |
| વાલોર | ૩૦૦ | ૬૦૦ |
| કાચા પોપૈયા | ૨૦ | ૨૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૨૦૦ |
| ફણશી | ૬૦૦ | ૧૦૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૨૪૦ |
| પાલક પુરા | ૧ | ૩ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૪૪૫ | ૧૪૯૫ |
| શિંગ ગીરનાર | ૧૪૪૦ | ૧૪૭૫ |
| શિંગ મોટી | ૧૨૦૦ | ૧૫૦૦ |
| શિંગદાણા | ૧૪૨૫ | ૧૭૧૫ |
| શિંગદાણા ફાડા | ૧૪૯૦ | ૧૭૩૫ |
| તલ સફેદ | ૧૫૬૫ | ૧૮૯૫ |
| જુવાર | ૧૦૪૦ | ૧૦૪૦ |
| ઘઉં ટુકડા | ૩૬૫ | ૬૩૫ |
| ઘઉં લોકવન | ૩૭૫ | ૪૯૫ |
| અડદ | ૧૧૨૦ | ૧૧૨૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૪૫ |
| ચણા દેશી | ૯૦૦ | ૧૦૮૫ |
| સફેદ ચણા | ૯૮૫ | ૧૧૦૦ |
| છોલે ચણા | ૧૨૯૫ | ૧૩૭૦ |
| તુવેર | ૮૬૦ | ૧૪૫૫ |
| વાલ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કપાસ | ૭૯૦ | ૧૬૮૫ |
| એરંડા | ૧૦૫૫ | ૧૨૫૫ |
| જીરૂ | ૨૩૦૦ | ૪૩૦૦ |
| રાય | ૧૧૮૦ | ૧૩૬૦ |
| ધાણા | ૧૬૦૦ | ૨૪૦૫ |
| ધાણી | ૧૭૦૦ | ૩૩૫૦ |
| મેથી | ૯૦૦ | ૧૨૮૫ |
| સોયાબીન | ૮૦૦ | ૧૦૪૦ |
| મરચા લાંબા | ૧૨૫૦ | ૬૬૦૦ |
| મરચા ધોલર | ૨૨૦૦ | ૧૦૨૫૦ |


| | | |
|---|---|---|
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૭૦ | ૨૪૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૧૫૦ | ૨૫૦ |
| કોબીજ | ૯૦ | ૧૧૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૩૬૦ |
| ટમેટાં | ૨૫૦ | ૩૫૦ |
| સુરણ | ૮૦૦ | ૯૩૦ |
| ગાજર | ૨૦૦ | ૩૨૦ |
| દુધી | ૨૫૦ | ૨૭૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૩૨૦ | ૪૩૦ |
| કાકડી | ૨૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૬૫૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૪૫૦ | ૫૫૦ |
| વટાણા | ૯૦૦ | ૧૦૦૦ |
| ચોળા લીલા | ૮૦૦ | ૯૦૦ |
| તુરીયા | ૩૫૦ | ૪૦૦ |
| વાલ | ૭૩૦ | ૮૫૦ |
| તુવેર | ૫૩૦ | ૬૫૦ |
| ભીંડો | ૫૫૦ | ૭૩૦ |
| આદુ | ૧૧૫૦ | ૧૨૫૦ |
| કોથમીર | ૪૦૦ | ૫૩૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફોદીનો | ૪૫૦ | ૫૫૦ |
| ટીંડોરા | ૫૫૦ | ૬૫૦ |
| બીટ | ૨૧૦ | ૨૬૦ |
| સરગવો | ૨૨૦ | ૩૫૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૧૯૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૮૦૦ |
| મરચાં લાલ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૨૫૦ |
| લસણ લીલું | ૬૦૦ | ૮૦૦ |
| લસણ સુકું | ૧૦૫૦ | ૧૬૫૦ |
| પાલક | ૩૫૦ | ૪૫૦ |
| લીબુ | ૨૦૦૦ | ૨૪૦૦ |
| મકાઈ | ૨૨૦ | ૩૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૩૦૦ | ૧૪૬૫ |
| શીંગ મોટી | ૧૩૫૦ | ૧૪૬૧ |
| તલ સફેદ | ૧૩૫૦ | ૧૮૨૦ |
| જીરૂ | ૩૬૦૦ | ૪૪૩૦ |
| કપાસ | ૧૪૨૫ | ૧૬૨૧ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૦૩ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૮૦ |
| બાજરો | ૪૯૦ | ૫૯૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૬૫ |
| દેશી ચણા | ૧૦૧૧ | ૧૧૪૧ |
| તુવેર | ૧૩૫૦ | ૧૪૮૨ |
| એરડી | ૧૨૦૦ | ૧૨૫૨ |
| મેથી | ૧૦૮૧ | ૧૨૦૦ |
| ધાણા | ૧૯૦૦ | ૨૪૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૬૦ | ૧૪૩૦ |
| ઘઉં | ૩૫૦ | ૫૦૧ |

| | | |
|---|---|---|
| ચણા | ૧૦૦૦ | ૧૦૨૮ |
| તુવેર | ૧૦૬૦ | ૧૩૬૦ |
| એરંડા | ૧૧૫૫ | ૧૧૫૫ |
| ધાણા | ૧૭૦૦ | ૧૮૦૦ |
| તલ | ૧૩૦૦ | ૧૪૭૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૯૦ |
| ઘઉ લોકવન | ૩૦૦ | ૫૦૦ |
| ઘઉ ટુકડા | ૩૮૦ | ૪૫૧ |
| ચણા | ૯૫૦ | ૧૦૦૯ |
| ધાણા | ૧૦૦૦ | ૧૮૭૦ |
| શીંગદાણા | ૧૩૦૦ | ૧૫૦૦ |
| તુવેર | ૮૧૫ | ૧૪૬૦ |
| મેથી | ૯૦૦ | ૯૯૫ |
| મગફળી | ૧૧૦૫ | ૧૨૩૫ |
| સોયાબીન | ૬૨૦ | ૯૫૦ |
| રાઈ | ૮૫૦ | ૮૫૦ |
| લસણ | ૮૦૦ | ૮૦૦ |
| મગ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| અડદ | ૧૧૨૫ | ૧૧૨૫ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૪૨૦ | ૧૬૨૧ |
| કપાસ મીડીયમ | ૧૨૬૦ | ૧૩૯૦ |
| મગફળી | ૧૨૪૫ | ૧૩૭૫ |
| જીરૂ | ૩૩૮૦ | ૪૧૫૦ |
| ચણા | ૧૦૧૨ | ૧૦૩૦ |
| ઘઉ | ૪૭૦ | ૫૪૦ |
| ધાણા | ૧૫૭૦ | ૨૧૫૦ |
| તુવેર | ૧૨૧૫ | ૧૪૨૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૬૩૬ |
| ઘઉં | ૩૫૦ | ૪૭૬ |
| ચણા | ૮૦૧ | ૧૦૬૬ |
| તુવેર | ૭૦૧ | ૧૫૦૧ |
| મગફળી | ૭૦૧ | ૧૩૮૧ |
| શિંગફાડા | ૧૩૦૧ | ૧૫૧૬ |
| કલેજી | ૧૫૦૧ | ૨૯૨૬ |
| મેથી | ૭૦૧ | ૧૦૧૬ |
| જીરૂ | ૨૫૦૧ | ૪૦૨૬ |
| ધાણા | ૧૦૦૧ | ૨૧૨૧ |
| સોયાબીન | ૭૦૧ | ૧૦૫૧ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૧૪૦૦ | ૧૪૧૫ |
| શીંગ ૩૨ | ૧૧૦૮ | ૧૪૪૧ |
| શીંગ ૩૯ | ૧૩૧૩ | ૧૩૬૯ |
| શીંગ જી-૨૦ | ૧૨૭૦ | ૧૫૦૫ |
| જુવાર | ૪૨૧ | ૧૦૧૮ |
| બાજરી | ૩૩૩ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૪૧૧ | ૬૨૬ |
| સોયાબીન | ૧૦૫૫ | ૧૦૬૮ |
| અડદ | ૧૨૦૧ | ૧૨૦૧ |
| મગ | ૭૨૦ | ૨૨૯૦ |
| ધાણા | ૧૪૯૦ | ૨૭૧૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૬૦ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| તલ કાળા | ૧૯૬૦ | ૧૯૮૫ |

| | | |
|---|---|---|
| તુવેર | ૬૫૦ | ૧૪૮૨ |
| જીરૂ | ૩૭૬૦ | ૪૧૭૦ |
| ડુંગળી લાલ | ૭૦ | ૧૯૦ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૨૬૮ |
| કપાસ શંકર | ૧૩૧૨ | ૧૪૭૯ |
| નાળીયેર | ૫૨૦ | ૨૨૩૨ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૨૧૧ | ૧૫૩૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૧૫ | ૬૦૦ |
| રાય | ૧૦૦૦ | ૧૨૫૪ |
| રાયડો | ૯૫૦ | ૧૧૨૮ |
| મેથી | ૮૫૦ | ૧૧૧૧ |
| જુવાર | ૮૫૦ | ૧૧૧૮ |
| અડદ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ચણા | ૯૫૧ | ૧૦૨૯ |
| સોયાબીન | ૯૫૧ | ૧૦૪૭ |
| ધાણા | ૧૪૦૦ | ૧૯૨૮ |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૫૬ |
| કાંગ | ૪૧૧ | ૫૧૩ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૬૦૬ |
| મગફળી | ૧૨૦૧ | ૧૪૦૦ |
| ચણા | ૧૦૦૮ | ૧૦૨૬ |
| તુવેર | ૧૩૫૧ | ૧૪૮૧ |
| ધાણા | ૧૫૪૨ | ૧૭૧૦ |
| મેથી | ૮૩૬ | ૮૩૬ |
| એરંડા | ૧૧૫૧ | ૧૧૫૧ |
| **જામનગર** | | |
| ઘઉં | ૩૭૦ | ૪૫૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૪૩ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૬૬ |
| તલ | ૧૫૧૧ | ૧૮૨૫ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૯૦ |
| રાઈ | ૧૦૫૦ | ૧૨૮૦ |
| લસણ | ૮૦૦ | ૧૪૬૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૨૫ |
| જીરૂ | ૨૧૦૦ | ૪૨૩૦ |
| અજમો | ૧૬૫૦ | ૩૨૯૦ |
| અજમાની ભૂસી | ૧૦૦ | ૨૧૪૦ |
| ધાણા | ૧૮૩૦ | ૧૯૬૫ |
| ધાણી | ૧૯૩૦ | ૨૦૧૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૨૬૦ | ૧૨૬૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૭૫ |
| બાજરો | ૨૮૦ | ૫૨૯ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૩૫ |
| જુવાર | ૨૫૩ | ૧૦૫૨ |
| અડદ | ૯૦૧ | ૧૪૩૧ |
| તુવેર | ૧૩૫૦ | ૧૪૦૦ |
| ચણા | ૮૬૦ | ૧૧૦૦ |
| મેથી | ૯૦૦ | ૯૬૧ |
| રાય | ૧૦૦૦ | ૧૧૫૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ગોંડલમાં કારના ગુપ્ત ખાનામાંથી વિદેશી દારૂ ઝડપાયો, એક શખ્સની ધરપકડ



ગોંડલ,તા.૧૮

ગોંડલમાં પ્રોહિબિશન અને જુગાર જેવી ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે રાજકોટ ગ્રામ્ય પોલીસે કડક કાર્યવાહી કરી છે. ગોંડલ બી-ડિવિઝન પોલીસે બાતમીના આધારે કરેલી એક મહત્વની કાર્યવાહીમાં લાખોની કિંમતના વિદેશી દારૂ અને કાર સહિતના મુદ્દામાલ સાથે એક આરોપીને ઝડપી લીધો છે. ગોંડલ બી-ડિવિઝનના પોલીસ ઈન્સ્પેક્ટર જે.પી. રાવ અને તેમની સર્વેલન્સ ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે એક શખ્સ પોતાની કારમાં દારૂનો જથ્થો લઈને પસાર થઈ રહ્યો છે.પોલીસે ગોંડલ-નાગડકા રોડ પર વોચ ગોઠવી એક શંકાસ્પદ હોન્ડા સીટી કારને અટકાવી હતી. તપાસ દરમિયાન કારમાં ખાસ રીતે બનાવેલા 'ચોરખાના' (ગુપ્ત ખાના) મળી આવ્યા હતા, જેમાંથી વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની કુલ ૮૭ બોટલો સાથે રવિ અરજણભાઈ પરમાર (રહે. તિરૂમાલા ગોલ્ડ રેસીડેન્સી, ગોંડલ) પાસેથી વિદેશી દારૂની ૮૭ બોટલો (કિંમત રૂ. ૮૭,૧૩૪/-), હોન્ડા સીટી કાર (નંબર **GJ.05.RK.9551**) મળી કુલ રૂ. ૫,૮૭,૧૩૪ રૂપિયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો.

# ઉના-ભાવનગર હાઈવે પર અકસ્માતમાં નાયબ મામલતદારના માતાનું મોત

ઉના,તા.૧૮

ઉના-ભાવનગર હાઈવે પર ગાંગડા ગામ પાસે એક કાળજું કંપાવનારી દુર્ઘટના ઘટી છે. ઉનાના નાયબ મામલતદાર ભાવેશ ગોહિલનો પરિવાર જ્યારે છકડો રિક્ષામાં સવાર થઈને પોતાની વાડીએ જઈ રહ્યો હતો, ત્યારે પૂરપાટ ઝડપે આવતી એક બોલેરો કારે રિક્ષાને પાછળથી પ્રચંડ ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે છકડાના ફુરચા ઉડી ગયા હતા અને તેમાં સવાર તમામ સભ્યો રસ્તા પર ફંગોળાયા હતા. આ કરુણ ઘટનામાં ૬૫ વર્ષીય વૃધ્ધા રુકુબેન ગોહિલનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે, જ્યારે અન્ય બે મહિલાઓની સ્થિતિ અત્યંત નાજુક જણાતા તેમને વધુ સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યા છે. સનખડા આઉટપોસ્ટ પાસે બનેલી આ ઘટનાથી સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને મામલતદાર કચેરીના સ્ટાફમાં પણ શોકનું મોજું ફરી વળ્યું છે.

# અમરેલી શહેરના વિવિધ માર્ગો પર આજે આરએસએસનું પથ સંચલન

**સમગ્ર કાર્યક્રમ સાંજના ૭:૩૦થી શરૂ થશે, નગરજનોમાં ઉત્સાહ**

અમરેલી,તા.૧૮

ભારતીય સંસ્કૃતિના નવા વર્ષ એટલે કે વિક્રમ સંવતના પ્રારંભ નિમિત્તે આજે તા. ૧૯ માર્ચ ૨૦૨૬ના રોજ અમરેલી શહેરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા વર્ષ પ્રતિપદા ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ સાંજે ૭:૩૦થી ૭:૫૬ વાગ્યા દરમિયાન યોજાશે જેમાં સંઘના આદર્શો અને રાષ્ટ્રભક્તિના સંદેશ સાથે બૌદ્ધિક સત્ર યોજાશે. શહેરના મુખ્ય માર્ગો પર સ્વયંસેવકો દ્વારા પૂર્ણ ગણવેશમાં શિસ્તબદ્ધ પથ સંચલન પ્રસ્થાન કરશે.આ પથ સંચલન હીરામોતી ચોકથી શરૂ થઈ બી.એમ. ચોક અને સ્વામિનારાયણ મંદિર થઈને આગળ વધશે.

ત્યારબાદ અક્ષર રેસ્ટોરન્ટ ચોક, માર્કેટિંગ યાર્ડ અને જિલ્લા પંચાયત રોડ પરથી પસાર થઈ નાગનાથ સર્કલ પહોંચશે. સંચલન સંઘ કાર્યાલય અને હવેલી ચોકથી પસાર થઈ ટાવર પાસે પહોંચશે અને ત્યાંથી રાજકમલ ચોક થઈ અંતે ભીડભંજન મંદિર ખાતે વિરામ લેશે. સમગ્ર અમરેલી નગરમાં શિસ્ત અને રાષ્ટ્રપ્રેમના દર્શન કરાવતા આ સંચલનને નિહાળવા નગરજનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# ધોરાજીમાં પોલીસે બિયરના છ બોક્સ સાથે એક શખ્સને ઝડપ્યો

ધોરાજી,તા.૧૮

ધોરાજીમાં બિયરના છ બોક્સ અને એક મોટર સાયકલ સહિતના રૂ. ૭૦ હજારના મુદામાલ સાથે પોલીસે એક શખ્સને ઝડપીને તપાસ હાથ ધરી છે.

સર્વેલન્સના પો. સબ. ઈન્સ. આર. બી. બદલાણીયા સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સ્ટાફનાં નારણભાઈ પંપાણીયાને બાતમી મળેલ કે, ધોરાજીમાં રહેતો ઈમરાનભાઈ નામનો પરપ્રાંતિય ઈંગ્લીશ બિયરનો જથ્થો લઈને નીકળનાર છે. જેથી પોલીસ સ્ટાફ ધોરાજી ભુતનાથ મંદિર પાસે રસુલપરાના કાચા રોડ પર વોચમાં રહેલ. આરોપી મોટર સાયકલ લઈને આવતા તેને ચેક કરતા તેની પાસેથી બિયરનો જથ્થો ભરેલ ભુરા કલરના પુઠાના ૬ બોકસ રાખી મળી આવેલ હતા. તેના ઉપર પ્રોહીબીશનનો કેસ કરીને કાર્યવાહી હાથ ધરી છે.

# અમરેલીના તેજસ્વી તારલાઓનો જૂનાગઢ ખાતે શૈક્ષણિક પ્રવાસ યોજાયો

અમરેલી,તા.૧૮



અમરેલી તાલુકા અને નગર શિક્ષણ સમિતિ સંચાલિત સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા તેમજ વિવિધ સ્પર્ધાઓમાં જિલ્લા અને રાજ્ય કક્ષાએ વિજેતા બનીને અમરેલીનું ગૌરવ વધારનાર ૮૬ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે જૂનાગઢ ખાતે એક દિવસીય નિઃશુલ્ક 'એક્સપોઝર વિઝિટ'નું શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓએ જૂનાગઢના જગવિખ્યાત ઉપરકોટ કિલ્લાની મુલાકાત લીધી હતી, જ્યાં તેઓને કિલ્લાના ઐતિહાસિક વારસા, પુરાતત્વીય મહત્વ અને સ્થાપત્ય કલા વિશે ઊંડાણપૂર્વક માહિતગાર કરવામાં આવ્યા હતા. જૂના જમાનાની જીવનશૈલી અને પુરાતત્વ વિભાગની જાળવણી વિશે જાણી વિદ્યાર્થીઓ રોમાંચિત થયા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓએ પવિત્ર ભવનાથ મંદિર, 'શિવરાત્રિ મિની કુંભ' અને પૌરાણિક 'મૃગી કુંડ'ના ધાર્મિક ઈતિહાસની વિસ્તૃત જાણકારી મેળવી હતી. બપોર પછી વિદ્યાર્થીઓએ સક્કરબાગ પ્રાણીસંગ્રહાલયમાં વિવિધ વન્ય પ્રાણીઓ અને પક્ષીઓને પ્રત્યક્ષ નિહાળીને તે અંગેની જીવંત નોંધ પોતાની ડાયરીમાં કરી હતી. આ સમગ્ર પ્રવાસનું સફળ આયોજન બી.આર.સી. કોઓર્ડિનેટર પ્રવિણભાઈ ડાભી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

# કોડીનારના કડોદરા ગામના એકલવાયુ જીવન જીવતા વૃધ્ધના અંતિમ સંસ્કાર કરાયા

ઉના,તા.૧૮



કોડીનારના કડોદરા ગામમાં છેલ્લા ૩૦ વર્ષથી રહેતા અને છૂટક મજૂરી કરી એકલવાયું જીવન જીવતા આંબાલાલનું તાજેતરમાં અવસાન થયું છે. વ્યસનના કારણે તબિયત લથડતા તેમને ૧૦૮ મારફતે રાણાવાવ હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ગુરુનાનક સિંધી મંડળ, નગરપાલિકા સભ્ય નરેશભાઈ ડાભી, પૂર્વ સરપંચ રામસિંગભાઈ તથા જે.કે. મેર દ્વારા હિન્દુ વિધિ મુજબ સુવર્ણ વૈકુંઠ રથમાં તેમની અંતિમ યાત્રા કાઢી અગ્નિ સંસ્કાર આપવામાં આવ્યા હતા.

**દાગીના છોડાવવા ગયેલા ખાતેદારોને મેનેજર દ્વારા મળતી ધમકી**

# બગસરામાં આવેલી ગોલ્ડ ફાઈનાન્સ કંપનીનું લોન બાબતે અરજદારો સાથે ઉધ્ધત વર્તન

બગસરા,તા.૧૮

બગસરામાં આવેલી **(IIFL)** ફાઈનાન્સ કંપની દ્વારા ગ્રાહકોને ગોલ્ડ લોન બંધ કરવામાં હેરાન કરવામાં આવતા હોવાની ગંભીર ફરિયાદ ઉઠી છે. મોટા મુંજીયાસરના ભરતભાઈ સતાસિયા અને વિપુલભાઈ કોલડીયાએ પોતાની જરૂરિયાત મુજબ સોનું ગીરવે મૂકી લોન લીધી હતી. હવે જ્યારે તેઓ પૂરેપૂરા નાણાં ભરી પોતાના દાગીના છોડાવવા માંગે છે, ત્યારે બ્રાન્ચ મેનેજર દ્વારા અવનવા બહાના કાઢીને લોન જમા લેવામાં આવતી નથી. આ વિલંબને કારણે ગ્રાહકો પર બિનજરૂરી વ્યાજનો બોજ વધી રહ્યો છે. ગ્રાહકોનો આક્ષેપ છે કે વિનંતી કરવા છતાં મેનેજર યોગ્ય પ્રતિસાદ આપતા નથી અને દાગીના બાબતે ધમકીઓ પણ આપવામાં આવે છે. પ્રતિષ્ઠિત કંપનીના આવા વર્તનથી રોષ વ્યાપ્યો છે.

**લોનધારકો નાણા જમા કરી લોન બંધ કરવા માંગતા હોવા છતાં લોન બંધ ન કરતા હોવાની રાવ**

# અમરેલીમાં આંગણવાડી કાર્યકરો અને તેડાગર બહેનોએ સરકાર વિરૂધ્ધ સુત્રોચ્ચાર કર્યા

અમરેલી,તા.૧૮



અમરેલીના ઐતિહાસિક રાજમહેલ કમ્પાઉન્ડમાં આંગણવાડી કાર્યકરો અને તેડાગર બહેનોએ પોતાના પડતર પ્રશ્નોના ઉકેલ માટે હલ્લાબોલ કરી ત્રણ દિવસીય ધરણાના કાર્યક્રમનો પ્રારંભ કર્યો છે. આજે તારીખ ૧૮ના રોજ પ્રથમ દિવસે જ મોટી સંખ્યામાં બહેનોએ એકત્રિત થઈ સરકાર વિરુધ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. બહેનોની મુખ્ય માંગણી છે કે તેમની પાસે ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે અતિશય કામ લેવામાં આવે છે, છતાં સમયસર વેતન મળતું નથી. વધુમાં, શાકભાજી અને મસાલાના બિલ પાસ ન થવા તેમજ પગાર વધારાના અભાવે આર્થિક શોષણ થઈ રહ્યું હોવાનો સૂર ઉઠ્યો છે. પોતાની માગણીઓ પ્રત્યે ઉદાસીન રહેલી સરકારના કાને અવાજ પહોંચાડવા માટે સમગ્ર ગુજરાતની આંગણવાડી બહેનો અત્યારે લડાયક મૂડમાં જોવા મળી રહી છે. કામનું ભારણ ઘટાડવા અને સન્માનજનક વેતન આપવાની પ્રબળ માગ સાથે બહેનોએ લડત તેજ કરી છે.

## અવસાન નોંધ

**બગસરા**

અસમાબેન મુ.જીવાજી તે તાહેરભાઈ મોહમ્મદઅલી વિકડા (ઠાઠીયા)ના પત્ની (ઉ.વ.૧૦૩) તે સૈફુદીન તાહેરઅલી, ફિજાબેન તૈયબઅલી (સુ.નગર), ફરીદાબેન ગુ.અબ્બાસ (વિંછીયા), મુનીરાબેન જકયુભાઈ (ઉપલેટા), કુબરાબેન સજ્જાદભાઈ (રાજકોટ)ના મા સાહેબા, તે હાસીમ, મુસ્તફા વિકડાના દાદીનું તા.૧૮-૦૩-૨૦૨૬ બુધવારના રોજ વફાત થયા છે. જીયારતના સીપારા તા.૨૦-૦૩-૨૦૨૬ શુક્રવારના રોજ ૧૧ વાગે બગસરા વજીહી મસ્જીદ ખાતે રાખેલ છે.

## CHANGE OF NAME

I hereby declare,Sonalben Jiteshkumar Makwana. My old name is Sonal Jiteshkumar Makwana has been replaced by Sonalben Jiteshkumar Makwana. So henceforth I am known by this name.

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં//-

નં.જન્મ-મરણ કેસ.નં.૧૧૮/૨૦૨૬

**પ્રતિ,**
શ્રી ઢોકી હુસેન ઈશા ,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ . . . અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામના રહીશ ઈશાભાઈ ઢોકી તથા સાબીરાબેન ઈશાભાઈ ઢોકીના પુત્ર હુસેન ઈશા ઢોકીનો જન્મ તારીખ.૨/૩/૧૯૮૦ ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત મુળ દ્વારકા , તાલુકો-કોડીનાર સને-૧૯૮૦ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા...../૦૩/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૬/૦૩/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહિ**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં//-

નં.જન્મ-મરણ કેસ.નં.૧૧૯/૨૦૨૬

**પ્રતિ,**
શ્રી ઢોકી મુમતાજ ઈશા ,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ . . . અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત ઘાંટવડ, તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામના રહીશ સુલેમાનભાઈ રાઠોડ તથા ફાતમાબેન સુલેમાનભાઈ રાઠોડના પુત્રી મુમતાજ સુલેમાનભાઈ રાઠોડનો જન્મ તારીખ.૬/૧/૧૯૬૧ ના રોજ કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત ઘાંટવડ , તાલુકો-કોડીનાર સને-૧૯૬૧ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા...../૦૩/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૬/૦૩/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહિ**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## -// મામલતદાર અને તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - ખાંભા //-

**બ.ડે. રજી.કેસ નં.૨૪/૨૬** **નં.એમએજી/વશી/૫૫/૨૦૨૬**
**તા.૧૮/૦૩/૨૦૨૬**

**અરજદાર :-** શ્રી ભીખાભાઈ નથુભાઈ સાવલીયા,
રહે.મુંજીયાસર, તા.ખાંભા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા :-**જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,સ
-વ-
તલાટી કમ મંત્રી શ્રી, મુંજીયાસર, તા.ખાંભા, જિ.અમરેલી.

**- નોટીસ -**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,**શ્રી ભીખાભાઈ નથુભાઈ સાવલીયા, રહે. મુંજીયાસર, તા.ખાંભા, જિ.અમરેલી વાળાએ** તેમના બહેનના પુત્રી નામે ફુલભાઈબેન ભુરાભાઈ ઢોલરીયા **જન્મ તા. ૦૮/૦૩/૧૯૬૩** નાં રોજ ખાંભા તાલુકાનાં મુંજીયાસર મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના અરજદારશ્રીને જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સદરહુ મુદત તા.૨૩/૦૪/૨૦૨૬ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**સહી**
**(એમ.ડી.ભાલોડી)**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ખાંભા તાલુકા**

**જાહેર નોટીસ**

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ઉના //-

અરજી નં.૮૫/૨૦૨૬
જન્મ તારીખ : ૦૧/૦૧/૧૯૬૫

શ્રી અબ્દુલભાઈ નુરમહમદભાઈ દલ,
રહે.વિરાટ નગર, કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ ............અરજદાર

**-: વિરૂધ્ધ :-**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત સીમાસી, તા.ઉના, જિલ્લો-ગીરસોમનાથ ...........સામાવાળા

**બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી અબ્દુલભાઈ નુરમહમદભાઈ દલ, રહે. વિરાટ નગર, , કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથવાળાએ તેમના બહેન હર્મીદાબેન નુરમહમદભાઈ દલનો જન્મ તારીખ ૦૧/૦૧/૧૯૬૫ ના રોજ ઉના તાલુકાના સીમાસી મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૧/૦૩/૨૦૨૬ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી**
**(ડી.કે.ભીમાણી)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,**
**ઉના**

## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

**કોર્ટ રોડ, વિસાવદર**
નં. એમએજી/કેસ નં.૩૨/૨૦૨૬ તા.૧૧/૦૩/૨૦૨૬

શ્રી હંસાબેન લખમણભાઈ ભાસા વા.ઓ. રમેશભાઈ વરીયાતર
રહે.હુશેની ચોક, રામદેવ પરા, શકરબાગ પાસે, જુનાગઢ,
તા. / જી. જૂનાગઢ ........અરજદાર

**-::વિરૂધ્ધ::-**
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, ચાંપરડા,
તા. વિસાવદર, જી.જુનાગઢ .........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી હંસાબેન લખમણભાઈ ભાસા વા.ઓ.રમેશભાઈ વરીયાતર રહે. જુનાગઢ, તા. /જી. જૂનાગઢએ તેમનો જન્મ તા.૧૦/૦૭/૧૯૭૪ના રોજ વિસાવદર તાલુકાના ચાંપરડા ગામ મુકામે થયેલ છે. જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, ચાંપરડા, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, ચાંપરડા, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૧મી માર્ચ ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

**તૈયાર કરનાર**
**સહી.**
**(પી.વી. શિંગડીયા)**
**નાયબ મામલતદાર**
**વિસાવદર**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી.**
**(આર.એન.ખોડભાયા)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**વિસાવદર**

## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

**કોર્ટ રોડ, વિસાવદર**
નં. એમએજી/કેસ નં.૩૪/૨૦૨૬ તા.૧૧/૦૩/૨૦૨૬

શ્રી રસીકભાઈ ડાયાભાઈ ભાયાણી
રહે.કાલસારી, તા.વિસાવદર, જી.જુનાગઢ, ........અરજદાર

**-::વિરૂધ્ધ::-**
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, કાલસારી,
તા. વિસાવદર, જી.જુનાગઢ .........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી રસીકભાઈ ડાયાભાઈ ભાયાણી, રહે. કાલસારી, તા.વિસાવદર, જી.જૂનાગઢએ તેમનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૬ના રોજ વિસાવદર તાલુકાના કાલસારી ગામ મુકામે થયેલ છે. જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, કાલસારી, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, કાલસારી, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૧મી માર્ચ ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

**તૈયાર કરનાર**
**સહી.**
**(પી.વી. શિંગડીયા)**
**નાયબ મામલતદાર**
**વિસાવદર**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી.**
**(આર.એન.ખોડભાયા)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**વિસાવદર**

## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

**કોર્ટ રોડ, વિસાવદર**
નં. એમએજી/કેસ નં.૩૫/૨૦૨૬ તા.૧૧/૦૩/૨૦૨૬

શ્રી દિનેશભાઈ કડવાભાઈ ફુલમાળીયા
રહે.બરડીયા, તા.વિસાવદર, જી.જૂનાગઢ ........અરજદાર

**-::વિરૂધ્ધ::-**
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, બરડીયા,
તા. વિસાવદર, જી.જુનાગઢ .........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી દિનેશભાઈ કડવાભાઈ ફુલમાળીયા રહે. બરડીયા, તા.વિસાવદર, જી.જૂનાગઢએ તેમની દોહીત્રીશ્રી હિયા સંજયભાઈ પાઘડાળ નો જન્મ તા. ૨૪/૦૯/૨૦૨૧ ના રોજ વિસાવદર તાલુકાના બરડીયા ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, બરડીયા, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, બરડીયા, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૧મી માર્ચ ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

**તૈયાર કરનાર**
**સહી.**
**(પી.વી. શિંગડીયા)**
**નાયબ મામલતદાર**
**વિસાવદર**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી.**
**(આર.એન.ખોડભાયા)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**વિસાવદર**

# ઈફ્કો ટોકિયોના અધ્યક્ષ તરીકે દિલીપ સંઘાણીએ સંસ્થાના મુખ્યાલયની લીધી મુલાકાત

નવી દિલ્હી, તા.૧૮

ઈફ્કો ટોકિયો જનરલ ઈન્સ્યોરન્સના અધ્યક્ષ તરીકેની મહત્વની જવાબદારી સંભાળ્યા બાદ દિલીપ સંઘાણીએ પ્રથમ વખત સંસ્થાના મુખ્યાલયની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે ઈફ્કો ટોકિયો પરિવાર દ્વારા તેમનું ભવ્ય અને હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ મુલાકાત માત્ર એક ઔપચારિકતા ન બની રહેતા, સંસ્થાના ભાવિ વિકાસ અને કાર્યપ્રણાલીને મજબૂત બનાવવા માટેની એક મહત્વપૂર્ણ ઘટના સાબિત થઈ હતી. મુખ્યાલય ખાતે આગમન પર ઈફ્કોના મેનેજિંગ ડિરેક્ટર કે. જે. પટેલ, ઈફ્કો ટોકિયોના મેનેજિંગ ડિરેક્ટર સુબ્રતો મોંડલ, નિર્દેશક (માનવ સંસાધન અને કાનૂન) રમેશકુમાર અને ડિરેક્ટર તાતસૂયા ફુજીમોતો સહિતના વરિષ્ઠ અધિકારીઓએ તેમનું





અભિવાદન કર્યું હતું. સંઘાણીએ કાર્યભાર સંભાળતાની સાથે જ વરિષ્ઠ અધિકારીઓ સાથે 'વન-ટુ-વન' બેઠક યોજીને વિવિધ વિભાગોના કાર્યોની ઝીણવટભરી સમીક્ષા કરી હતી. તેમણે સંસ્થા સામેના પડકારો અને નવી શક્યતાઓ વિશે ઊંડાણપૂર્વક ચર્ચા કરી કાર્યક્ષમતા વધારવા પર ભાર મૂક્યો હતો. અધ્યક્ષે કર્મચારીઓ સાથે સંવાદ સાધતા જણાવ્યું હતું કે, "ઈફ્કો ટોકિયોની સફળતાનો ખરો આધાર તેના સમર્પિત કર્મચારીઓ છે." તેમણે ટીમવર્ક, પારદર્શિતા અને સકારાત્મક દ્રષ્ટિકોણ સાથે કામ કરવાની અપીલ કરી હતી. ખાસ કરીને બદલાતા સમયમાં ડિજિટલ સશક્તિકરણ અને ગ્રાહક કેન્દ્રિત અભિગમ અપનાવવા પર તેમણે વિશેષ ભાર મૂક્યો હતો. કર્મચારીઓ દ્વારા આપવામાં આવેલા સૂચનોને તેમણે પ્રગતિ માટે અનિવાર્ય ગણાવ્યા હતા. સંસ્થાના ઈતિહાસમાં પ્રથમ વખત કોઈ અધ્યક્ષે દરેક અધિકારી અને કર્મચારી સાથે રૂબરૂ બેઠક કરી હોવાથી કર્મચારીઓમાં ભારે ઉત્સાહ અને સકારાત્મક ઉર્જાનો માહોલ જોવા મળ્યો હતો. અધિકારીઓએ પણ આ નવતર અભિગમને બિરદાવ્યો હતો. કાર્યક્રમના અંતે તમામ સભ્યોએ સંસ્થાને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે સંકલ્પ લીધો હતો. આ મુલાકાત ઈફ્કો ટોકિયોના ભવિષ્ય માટે અત્યંત પ્રેરણાદાયક અને માર્ગદર્શક સાબિત થઈ છે.

**કર્મચારીઓ સાથે સીધો સંવાદ અને ભવિષ્યના રોડમેપની સમીક્ષા**

## કાગવડ ખોડલધામ ખાતે આજથી ચૈત્રી નવરાત્રિનો ભવ્ય પ્રારંભ : મહિલા સમિતિ દ્વારા ધાર્મિક કાર્યક્રમો યોજાશે

રાજકોટ, તા.૧૮

શક્તિની આરાધનાનો પાવન પર્વ ચૈત્રી નવરાત્રિ આવતીકાલ, ૧૯ માર્ચથી પ્રારંભ થઈ રહ્યો છે, ત્યારે સુપ્રસિધ્ધ યાત્રાધામ કાગવડ ખોડલધામ ખાતે તેની ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ખોડલધામ મહિલા સમિતિ દ્વારા નવ દિવસીય વિશેષ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. આ અંતર્ગત દરરોજ અલગ-અલગ જિલ્લા અને તાલુકાની મહિલા સમિતિઓ દ્વારા ધ્વજારોહણ, અન્નકૂટ, યજ્ઞ, રાસ-ગરબા અને ધૂન-કીર્તન જેવા ભક્તિમય કાર્યક્રમો યોજાશે. પ્રથમ નોરતે જામનગરથી લઈને આઠમા નોરતે રાજકોટ સુધીની મહિલા સમિતિઓ આ ધાર્મિક મહોત્સવમાં સહભાગી બનશે. ચૈત્રી સુદ એકમથી નોમ સુધી ચાલનારા આ પર્વમાં મા ખોડલના આશીર્વાદ લેવા માટે ભાવિકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને સમગ્ર મંદિર પરિસર ભક્તિમય માહોલમાં રંગાયું છે.

## મ્યાનમાર જૂથોને મદદ અને ભારત વિરોધી પ્રવૃત્તિ બદલ વિદેશી નાગરિકોની ધરપકડ

ન્યૂ દિલ્હી,તા.૧૮

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA) દ્વારા તાજેતરમાં એક મોટી કાર્યવાહી અંતર્ગત છ યુક્રેનિયન અને એક અમેરિકી નાગરિકની ધરપકડ કરવામાં આવી છે. આ આરોપીઓ પર મ્યાનમારના વંશીય યુધ્ધક જૂથોને હથિયારો અને આતંકવાદી સાધનસામગ્રી પૂરી પાડવા ઉપરાંત તેમને સૈન્ય તાલીમ




આપીને પ્રોત્સાહન આપવાનો ગંભીર આરોપ છે. તપાસમાં એવું પણ બહાર આવ્યું છે કે તેઓ ભારતમાં ઉગ્રવાદને વેગ આપવા માટે સક્રિય હતા. મેથ્યુ એરોન વેન ડાઈક નામના અમેરિકી નાગરિકની કોલકાતાથી ધરપકડ થઈ છે, જ્યારે હુર્બા પેટ્રો અને સ્લીવ્યાક તારાસ સહિતના અન્ય છ યુક્રેનિયનોની દિલ્હી અને લખનૌથી અટકાયત કરવામાં આવી છે. NIAએ આ તમામ સામે આતંકવાદી ષડયંત્રની કલમ

**યુક્રેન સરકારે ધરપકડ સામે પોતાનો વિરોધ નોંધાવ્યો**

૧૮ અને BNS હેઠળ ગુનો નોંધ્યો છે. બીજી તરફ, યુક્રેન સરકારે આ ધરપકડ સામે સત્તાવાર વિરોધ નોંધાવીને પોતાના નાગરિકોને મુક્ત કરવાની માંગ કરી છે. આ ઘટનાએ આંતરરાષ્ટ્રીય સ્તરે ચકચાર મચાવી છે.

## બનાસકાંઠામાં પરીક્ષા કેન્દ્ર બહાર લોહિયાળ ખેલ: ધો.૧૨ના બે વિદ્યાર્થી પર છરી વડે જીવલેણ હુમલો

પાલનપુર, તા.૧૮

બનાસકાંઠાના કાંકરેજ તાલુકાની રતનપુરા મોર્ડન સ્કૂલ બહાર ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષા આપીને બહાર નીકળતા બે વિદ્યાર્થીઓ પર જીવલેણ હુમલો થતા ચકચાર મચી ગઈ છે. અજાણ્યા શખ્સોએ જૂની અદાવત રાખી વિદ્યાર્થીઓ પર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કર્યો હતો. પ્રાથમિક તપાસ મુજબ, અગાઉ શાળામાંથી આરોપીનો દાખલો કઢાવી નાખવા પાછળ ફરિયાદી વિદ્યાર્થી કારણભૂત હોવાના મનદુઃખમાં આ હુમલો કરાયો હતો. હુમલાખોરોએ પૂર્વ આયોજિત કાવતરું ઘડી વિદ્યાર્થીઓ પર છરીના ઘા ઝીક્યા હતા, જેમાં બંને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે શિહોરી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. શિહોરી પોલીસે આ મામલે ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. આ ઘટનાને પગલે પરીક્ષા કેન્દ્રો પર સુરક્ષા સામે સવાલો ઉઠ્યા છે.

## હિમાચલ પ્રદેશમાં સરકારી કર્મચારીઓ માટે કડક ડ્રેસ કોડ : ઓફિસમાં જીન્સ-ટીશર્ટ પહેરવા પર પ્રતિબંધ

શિમલા, તા.૧૮

હિમાચલ પ્રદેશ સરકારે રાજ્યના તમામ સરકારી કર્મચારીઓ અને અધિકારીઓ માટે શિસ્તના ભાગરૂપે ડ્રેસ કોડ લાગુ કરવાનો મહત્વનો નિર્ણય લીધો છે. નવા આદેશ મુજબ, હવે કર્મચારીઓ જીન્સ અને ટી-શર્ટ પહેરીને ઓફિસમાં પ્રવેશ કરી શકશે નહીં. સરકારે સ્પષ્ટ કર્યું છે કે કાર્યસ્થળ પર વ્યાવસાયિકતા



અને ગરિમા જાળવવા માટે કર્મચારીઓએ સ્વચ્છ અને ઔપચારિક (ફોર્મલ) કપડાં જ પહેરવા પડશે. પુરુષો માટે પેન્ટ-શર્ટ અને શૂઝ, જ્યારે મહિલાઓ માટે સાડી અથવા દુપટ્ટા સાથેનો ડ્રેસ નિર્ધારિત કરવામાં આવ્યો છે. કપડાં ઉપરાંત, સોશિયલ મીડિયાના ઉપયોગ અંગે પણ કડક માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે. કર્મચારીઓને સોશિયલ મીડિયા પર સરકારી નીતિઓ વિરુધ્ધ ટિપ્પણી ન કરવા સૂચના અપાઈ છે, અન્યથા કાયદેસરની કાર્યવાહીની ચેતવણી આપી છે. આ આદેશનો હેતુ વહીવટી કાર્યક્ષમતા અને શિષ્ટાચાર જાળવવાનો છે.

## ગુજરાતમાં મુંદ્રા પોર્ટ પર લાંગરેલા જહાજને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીથી ખળભળાટ

ભુજ, તા.૧૮

ગુજરાતમાં આજે ઈ-મેઈલ મારફતે મળેલી બોમ્બની ધમકીઓએ ભારે ખળભળાટ મચાવ્યો છે. કચ્છના મુંદ્રા પોર્ટ અને ત્યાં લાંગરેલા એલપીજી ટેન્કર જહાજ 'શિવાલિક'ને મિસાઈલ કે બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા પોલીસ, બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડે સઘન તપાસ હાથ ધરી છે.



આ અગાઉ સવારે ગાંધીનગર વિધાનસભાને પણ બોમ્બની ધમકી મળતા ગૃહની કાર્યવાહી અટકાવી દેવામાં આવી હતી. ધારાસભ્યો અને મંત્રીઓને સલામત રીતે બહાર ખસેડી સંપૂર્ણ સંકુલનું સર્ચ ઓપરેશન કરાયું હતું. જોકે, કોઈ શંકાસ્પદ વસ્તુ ન મળતા કાર્યવાહી પુનઃ શરૂ થઈ હતી. આ ઉપરાંત અમદાવાદની સાત શાળાઓને પણ નિશાન બનાવવાની ધમકી મળી છે. આગામી દિવસોમાં વિધાનસભામાં યુસીસી બિલ રજૂ થવાનું હોવાથી પોલીસ આ ઘટનાને અત્યંત ગંભીરતાથી લઈ સાયબર સેલની મદદથી ઈ-મેઈલના સ્ત્રોતની તપાસ કરી રહી છે.

## ભાભરના રુણી ગામે દિકરી પરત લાવવા મુદ્દે રબારી અને ચૌધરી સમાજ વચ્ચે જૂથ અથડામણ

રાધનપુર,તા.૧૮

રાધનપુરના સિનાડ ગામની સિંગર કિંજલ રબારીના પ્રેમ લગ્ન બાદ સર્જાયેલા વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. ભાભરના રુણી ગામે ચૌધરી સમાજની દીકરીને પરત લાવવા માટે યોજાયેલા મહાસંમેલનમાં ઉત્તર ગુજરાત અને રાજસ્થાનથી મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા. આ સંમેલન



બાદ ટોળું ઉણ ગામ પહોંચતા બંને સમાજ વચ્ચે ભારે પથ્થરમારો અને વાહનોમાં તોડફોડ થઈ હતી. પરિસ્થિતિ વણસતા હાઈવે પર ૩ કિમી સુધી જામ સર્જાયો હતો. પોલીસ મહાનિરીક્ષક પરીક્ષિતા રાઠોડના જણાવ્યા અનુસાર, આક્રમક ટોળાએ પોલીસ પર પણ હુમલો કર્યો હતો, જેમાં ૪ પોલીસકર્મી સહિત અનેક લોકો ઘાયલ થયા છે. હાલ પોલીસે ૪૦ જેટલા લોકોની અટકાયત કરી પરિસ્થિતિ કાબૂમાં લીધી છે.

## આસામ કોંગ્રેસમાં ભંગાણ : ચૂંટણી પહેલા દિગ્ગજ નેતા પ્રદ્યુત બોરદોલોઈનું રાજીનામું

ગોવાહાટી, તા.૧૮

આસામ વિધાનસભાની ચૂંટણીના આરે કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે. નાગાંવના સાંસદ અને પૂર્વ મંત્રી પ્રદ્યુત બોરદોલોઈએ ૩૦ વર્ષના લાંબા જોડાણનો અંત લાવી કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધું છે. પ્રદેશ પ્રમુખ ગૌરવ ગોગોઈને મોકલેલા પત્રમાં તેમણે પક્ષના તમામ પદો અને પ્રાથમિક સભ્યપદ છોડવાની જાહેરાત કરી છે. રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માના આમંત્રણ બાદ તેઓ ભાજપમાં જોડાઈ શકે છે અને દિસપુર બેઠક પરથી ચૂંટણી લડી શકે છે. બોરદોલોઈ અગાઉ ચાર વખત ધારાસભ્ય અને તરુણ ગોગોઈ સરકારમાં મંત્રી રહી ચૂક્યા છે. નોંધનીય છે કે આસામની ૧૨૬ બેઠકો માટે ૯ એપ્રિલે મતદાન થવાનું છે અને તે પહેલા જ કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ પક્ષ છોડી રહ્યા છે, જે વિપક્ષ માટે ચિંતાનો વિષય બન્યો છે.

## રાજકોટમાં પ્રેમ પ્રકરણનો લોહિયાળ અંત : પ્રેમી સાથે ભાગેલી યુવતીનો વાડીની ઓરડીમાંથી મળ્યો મૃતદેહ

રાજકોટ, તા.૧૮

કુવાડવા રોડ પર આવેલા રફાળા ગામની એક વાડીમાંથી વાંકાનેરની યુવતીનો અર્ધનગ્ન હાલતમાં શંકાસ્પદ મૃતદેહ મળી આવતા સનસનાટી મચી ગઈ છે. ૧૨ દિવસ પૂર્વે પ્રેમી બુશા રાઠોડ સાથે ભાગેલી યુવતીના શરીર અને ગુપ્ત ભાગે ઈજાના નિશાન મળી આવ્યા છે.



પ્રાથમિક તપાસમાં યુવતીએ ઝેરી દવા પીધી હોવાનું સામે આવ્યું છે, પરંતુ પ્રેમીએ તેને હોસ્પિટલ લઈ જવાને બદલે મોતને ઘાટ ઉતારવા બદલ પોલીસે તેની સામે બીએનએસ ૧૦૬ (સાપરાધ મનુષ્યવધ) હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી છે. યુવતીની હત્યા થઈ છે કે આત્મહત્યા તે જાણવા મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે ખસેડાયો છે.

## ગિરનાર અંબાજી મંદિરમાં માંસ-મદિરાની પાર્ટી અને આર્થિક ઉચાપત બદલ ૧૧ શખ્સો સામે પોલીસ ફરિયાદનો આદેશ

જૂનાગઢ, તા.૧૮

ગિરનાર પર્વત પર સ્થિત પવિત્ર અંબાજી મંદિરમાં માંસ-મદિરાનું સેવન અને દાનપેટીની રકમમાં ગેરરીતિ આચરવાના ગંભીર મામલે જૂનાગઢ જિલ્લા કલેક્ટરે કડક કાર્યવાહીના આદેશ આપ્યા છે. પ્રાંત અધિકારીના તપાસ અહેવાલ મુજબ, મંદિરના મુખ્ય પૂજારીના પુત્ર અભિષેક ચૌહાણ અને તેના મિત્રોએ મંદિર પરિસરમાં દારૂની પાર્ટી કરી હોવાનું



અને માંસાહાર કર્યો હોવાનું સાબિત થયું છે. આ ઉપરાંત, કેટલાક પૂજારીઓ દાનની રકમ દાનપેટીમાં જમા કરાવવાને બદલે અંગત ઉપયોગમાં લેતા હોવાનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. આ ઘટનામાં સંડોવાયેલા કુલ ૧૧ શખ્સો સામે એફઆઈઆર નોંધવા વહીવટદારને સૂચના અપાઈ છે. વહીવટી નિષ્ફળતા બદલ મંદિરના ૧૨ કર્મચારીઓ પર પરિસરમાં પ્રવેશબંધી લાદવામાં આવી છે. આ વિવાદને પગલે અગાઉથી ચાલતી નવા મહંતની નિમણૂક પ્રક્રિયા હાલ પૂરતી રદ કરવામાં આવી છે અને હવે નવેસરથી આ પ્રક્રિયા હાથ ધરાશે. કલેક્ટર અનિલ કુમાર રાણાવસિયાએ વહીવટદાર કમ મામલતદારને પણ નોટિસ પાઠવી ખુલાસો માંગ્યો છે.

## યુએસ રિપોર્ટમાં મોટો ખુલાસો : ચીને ઈરાનને પૂરા પાડ્યા આક્રમક ડ્રોન અને રોકેટ ઈંધણના રસાયણો

વોશિંગ્ટન, તા.૧૮

અમેરિકાના એક રિપોર્ટ મુજબ, ચીન ઈરાનને આક્રમક ડ્રોન, એન્ટી-શિપ મિસાઈલો અને રોકેટ ઈંધણ માટે જરૂરી 'સોડિયમ પરક્લોરેટ' રસાયણ પૂરો પાડી રહ્યું છે. ૨૦૨૧થી ચીને ઈરાનને તેની સેટેલાઈટ નેવિગેશન સિસ્ટમની લશ્કરી એક્સેસ પણ આપી છે, જેનો ઉપયોગ પશ્ચિમ એશિયામાં હુમલાઓ માટે થઈ રહ્યો છે. આ ઘટસ્ફોટથી અમેરિકાએ ચીન-ઈરાનના વધતા સૈન્ય જોડાણ સામે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે.


## :: દસ્તાવેજ કરતા પુર્વેની જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર દેવરાજ વી ખાંભલીયા એડવોકેટ એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસ થી જાણ/તાકીદ કરવામા આવે છે. અમારા અસીલ ની સુચના અને ફરમાઈશ જેની આ જાહેર નોટીસ આપી જણાવુ છુ.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકો :-લીલીયા, મોજે:-ટીબડી ના જે ના રે.સર્વે નં.૫૬, જેનુ કુલ મળીને ક્ષેત્રફળ :-૧-૩૧-૫૮ હે.આરે.ચો.મી. (૧)મનુભાઈ સવજીભાઈ પાનસુરીયા વિ તથા રે. સર્વે નં.૫૫, જેનુ કુલ મળીને ક્ષેત્રફળ : ૧-૭૧-૯૪ હે.આરે. ચો.મી. (૧)જેરામભાઈ સવજીભાઈ પાનસુરીયા વિ.તથા રે.સર્વે નં. ૫૭, જેનુ કુલ મળીને ક્ષેત્રફળ :૧-૫૧-૭૦ હે.આરે.ચો.મી.(૧)મગનભાઈ કુરજીભાઈ પાનસુરીયા વિ. રે. સર્વે નં.૭૪,જેનુ કુલ મળીને ક્ષેત્રફળ :૧-૫૧-૭૯ હે.આરે. ચો.મી.(૧)વિમળાબેન પરશોતમભાઈ પાનસુરીયા વિ. ના નામે ચાલે છે. જે જુની શરતની છે. જેખેતી ની બીન પીયત જમીન સદરહુ જમીનના માલીક, કબજેદાર અને ધારણ કર્તા ના સયુંક્ત/સ્વતંત્ર નામે ચાલી આવેલ છે મજકુર મિલક્તના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા, કલીયર, માર્કેટેબલ હોવાનુ જણાવીને તેમજ મજકુર મિલકતમાં તેઓ સીવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક,હીત, હીસ્સો, લાગ ભાગ ચાલી આવેલ નથી તેવું જણાવીને મજકુર મિલક્ત અમારા અસીલ ને વેચાણ આપવા માટે નકકી કરેલ છે. જેથી સદરહુ મિલકત મા જો કોઈ નો વાંધો વિરોધ કે હકક, હીત, સંબંધ, લાગભાગ, દરદાવો કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈ પણ રીતે હકક હીસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનુ લેણુ હોય અગર તો તબદીલી અંગે ના કોઈ પણ લખાણો હોય તો તેઓ એ નીચે ના સરનામે દિન-૭ મા પુરાવા સહિત લેખીત જાણ કરવી.જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસ ની મુદત વિત્યે સદર મિલક્તમા કોઈ વ્યક્તિ કે સંસ્થાના કોઈ પણ પ્રકાર નો હકક હીત, હીસ્સો કે લેશુ નથી અને હોય તો જતો કરેલ છે તેમાની અમારા અસીલ મજકુર મિલ્કત વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઈ પણ વ્યક્તિ કે સંસ્થાની કોઈ પણ જાતની તકરાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈ પણ જાત ના હકકો પ્રાપ્ત થશે નહી, જેની જનતાને નોંધ લેવી.

**સરનામુઃ- દેવ કોર્પોરેટ ઓફીસ ગ્રામ પંચાયત કચેરીની સામે, લીલીયા મોટા - ૩૬૫૫૩૫**
**મો.૮૪૬૦૪૪૮૧૮૨, મો.૯૪૨૬૫ ૫૪૧૭૨**

**સહી,**
**લી.આપનો વિશ્વાસુ**

# બગસરા પંથકમાં કરા સાથે કમોસમી વરસાદ, ખેડૂતોના જીવ તાળવે ચોંટ્યા

**કમોસમી વરસાદથી શહેરના રસ્તાઓ પર પાણી ફરી વળ્યા**

બગસરા,તા.૧૮

હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી સાચી ઠરતા અમરેલી જિલ્લાના બગસરા પંથકમાં અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને કમોસમી વરસાદ ખાબક્યો હતો. સમગ્ર પંથકમાં સવારથી જ વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું જે બાદ પવન અને કરા સાથે વરસાદ તૂટી પડ્યો હતો. આ કમોસમી માવઠાને કારણે બગસરા શહેરના મુખ્ય રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા જેના લીધે વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકી ભોગવવી પડી હતી. માત્ર શહેરમાં જ નહીં પરંતુ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદના વાવડ મળતા ખેતીકામમાં રોકાયેલા લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. ખાસ કરીને ખેતરોમાં તૈયાર થયેલા ઘઉં જેવા શિયાળુ પાકોને આ વરસાદથી ભારે નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. ખેડૂતોએ રાત-દિવસ મહેનત કરીને પકવેલો પાક લણણી સમયે જ પલળી જતાં ખેડૂતોને આર્થિક નુકસાની સહન કરવાનો વારો આવ્યો છે.



# રાજ્યમાં ઐતિહાસિક યુસીસી બિલ ડ્રાફ્ટ કાયદો લાગુ કરવા કેબીનેટ બેઠકમાં મંજૂરી

ગાંધીનગર,તા.૧૮

ગુજરાત સરકારની તાજેતરમાં મળેલી કેબિનેટ બેઠકમાં આ ઐતિહાસિક યુસીસી બિલના ડ્રાફ્ટને સત્તાવાર મંજૂરી આપી દેવામાં આવી છે. આ કાયદાનો મુખ્ય ઉદ્દેશ્ય તમામ ધર્મો અને જ્ઞાતિઓ માટે લગ્ન, છૂટાછેડા અને વારસા જેવા સંવેદનશીલ વિષયોમાં સમાનતા લાવીને કાયદાકીય એકરૂપતા સ્થાપિત કરવાનો છે. હવેથી તમામ નાગરિકોને 'એક જ લગ્ન'નો નિયમ લાગુ થશે, જે સ્ત્રી સશક્તિકરણની દિશામાં પણ મોટું પગલું માનવામાં આવે છે. કુલ બે ભાગ અને સાત પ્રકરણોમાં વહેંચાયેલા આ ડ્રાફ્ટમાં લગ્નની નોંધણીને ફરજિયાત બનાવવામાં આવી છે. જોકે નોંધણી વગર લગ્ન અમાન્ય નહીં ગણાય, પરંતુ નિયત સમયમાં રજિસ્ટ્રેશન ન કરાવનાર પક્ષકારો સામે દંડની જોગવાઈ કરવામાં આવી છે.નવા કાયદા હેઠળ છૂટાછેડાની પ્રક્રિયાને વધુ પારદર્શક અને સામાજિક સ્થિરતાલક્ષી બનાવવામાં આવી છે. લગ્ન થયાના એક વર્ષની અંદર કોઈપણ પક્ષ છૂટાછેડા માટે અરજી કરી શકશે નહીં, જે કદાચ ઉતાવળે લેવાતા નિર્ણયોને રોકવા માટે લેવાયેલો નિર્ણય છે. પરસ્પર સંમતિથી અલગ થવાની પ્રક્રિયા સરળ બનાવાઈ છે, પરંતુ બાળકોની કસ્ટડી અને ભરણપોષણ બાબતે ખૂબ જ કડક અને માનવીય અભિગમ અપનાવાયો છે. લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા યુગલો માટે હવે સ્થાનિક રજિસ્ટ્રાર પાસે નોંધણી કરાવવી અનિવાર્ય બનશે અને આવી માહિતી છુપાવનારને જેલ કે દંડની સજા થઈ શકે છે.




# ગુજરાત વિધાનસભાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા તંત્રમાં દોડધામ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર ખાતે આજે ગુજરાત વિધાનસભાને બોમ્બ બ્લાસ્ટથી ઉડાવી દેવાનો ધમકીભર્યો ઈમેલ મળતા સમગ્ર સરકારી તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. ખાલિસ્તાની કટ્ટરપંથીઓ દ્વારા પંજાબી ભાષામાં મોકલવામાં આવેલા આ મેઈલમાં કચ્છના બંદરે ગેસ ટેન્કરો પર મિસાઈલ હુમલાની પણ ધમકી અપાઈ હતી. આ ઘટના બાદ પોલીસ અને બોમ્બ સ્ક્વોડ દ્વારા બે વાર સઘન સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જોકે, તપાસમાં કંઈ શંકાસ્પદ ન મળતા ગૃહની કાર્યવાહી રાબેતા મુજબ શરૂ થઈ હતી. ગૃહમાં આ મુદ્દે શાસક અને વિપક્ષ વચ્ચે તીખી ચર્ચા થઈ હતી, જેમાં વિપક્ષે સુરક્ષા અંગે સવાલો ઉઠાવ્યા હતા જ્યારે અધ્યક્ષ શંકર ચૌધરીએ ગુજરાતની એકતા પર ભાર મૂક્યો હતો. બાદમાં હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજી તપાસના આદેશ અપાયા હતા.



# ગુજરાત હાઈકોર્ટે કરી લાલ આંખ : શિસ્તભંગ બદલ પાંચ ન્યાયાધીશોને ફરજિયાત નિવૃત્ત કરાયા

અમદાવાદ, તા.૧૮

ગુજરાત હાઈકોર્ટે ન્યાયતંત્રમાં પારદર્શિતા અને શિસ્ત જાળવી રાખવા માટે એક ઐતિહાસિક અને કડક નિર્ણય લીધો છે. હાઈકોર્ટની ભલામણને આધારે રાજ્યના કાયદા વિભાગ દ્વારા પાંચ ન્યાયાધીશોને તાત્કાલિક અસરથી 'ફરજિયાત નિવૃત્તિ' આપી દેવામાં આવી છે. આ યાદીમાં મોરબીના બે અને પોરબંદર, મોડાસા તથા રાજકોટના એક-એક ન્યાયાધીશનો સમાવેશ થાય છે. ગુજરાત જ્યુડિશિયલ સર્વિસ રૂલ્સ-૨૦૦૫ હેઠળ લેવાયેલા આ આકરા પગલાથી નીચલી અદાલતોમાં ફફડાટ વ્યાપી ગયો છે. રાજ્યપાલની મંજૂરી બાદ કાયદા વિભાગે પેન્શન નિયમોના આધારે આ જજોને સેવામુક્ત કર્યા છે. જોકે, આ કાર્યવાહી પાછળના ચોક્કસ કારણો હજુ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યા નથી, પરંતુ ન્યાયતંત્રની ગરિમા જાળવવા માટે આ અત્યંત મહત્વનું પગલું ગણવામાં આવી રહ્યું છે.